Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૩ : અંક ૩ ] અમદાવાદ : ૧૫-૧૨-૪૭ [ ક્રમાંક ૧૪૭

## विषय-दर्शन

૧ સિદ્ધાન્ત ચઉપઈ : પૂ. મુ. મ. શ્રી. રમણિક વિજયજી : ટાઇટલ પાનું-૨
२ श्री. चतुर्विंशतिजिन नमस्कार स्तोत्रम् : पू. मु. म. श्री. विजययतीन्द्रसूरिजी : ६५
३ श्री. जिनप्रभसूरिकृतं विवेककुलकं : पू. मु. म. श्री. कान्तिविजयजी : ६७
૪ મુ. પુણ્યકમલવિરચિત ભિન્નમાલ-સ્તવન : પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ૭૦
૫ ગુજરાતનાં કેટલાંક પ્રાચીન જિનમંદિરો : પૂ. મુ. મ. શ્રી. ન્યાયવિજયજી : ૭૪
૬ પ્રશ્નોત્તર-પ્રબોધ : પૂ. આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી : ૮૨
૭ ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા : ૮૭
૮ જૈન દર્શનનો સમન્વયવાદ : પં. અંબાલાલ પ્રેમચંદ શાહ : ૮૯

નવી મદદ : ટાઇટલ પાનું-૩

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : આ અંકનું મૂલ્ય-ત્રણ આના

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સિદ્ધાન્ત ચઉપઈ

**સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી. રમણિકવિજયજી**

વીર જિણેસર પણમીય પાય, સરિસા સોહગ મુનિવરરાય ।
પભણઉં શ્રી સિદ્ધાંતવિચાર, ભવિક જીવનઈ તારણહાર ॥ ૧ ॥
શાશ્વત તીરથ છઇ દેવલાઈ, મણુયલોય પણિ બહૂ હોઈ ।
ભગવતિ અંગિ નઇ રાયપસેણ, એ બહૂ બોલ્યા છઇ તેણિ ॥ ૨ ॥
શ્રાવકપૂજા જિણવરિ કહી, જ્ઞાતાધર્મકથામાહિ સહી ।
જીવાભિગમ નઇ રાયપસેણ, ભગતિપરિન્નાપયન્નમઝેણિ ॥ ૩ ॥
શ્રાવકનઈ ભગતિ અંગિ, પૂજા તિહાં બોલી બિહુ ભંગિ ।
પૂજાની છઈ એવડી સાક્ષિ, અપૂજના કેહિ અક્ષર દાવિ ? ॥ ૪ ॥
અંતગડઅંગિ મઝારિ, બદ્ધા માહિ વલીય વિચારિ ।
સેતુજિ સિદ્ધ અનંતી કોડિ, તિણિ લોપિઇ સહી આવિ ષોડિ ॥ ૫ ॥
સિદ્ધક્ષેત્ર તિણિ કારણિ કહિઉં, કેવલવયણે તે સંગ્રહિઉં ।
તિણિ ફરસિ હુઈ પાપહ છેદ, ઈણિ વાતઈ મનિ માણિસિ ખેદ ॥ ૬ ॥
શ્રાવકનઈ દ્વાદશ વ્રત હોઇ, અંગોપાંગ માહિ તૂં જોઈ ।
દશવૈકાલિક યતિનઉ ભેદ, શ્રાવકનઉ ધર્મ તિણિ કાંઇ છેદ ॥ ૭ ॥
યતિ શ્રાવક નઉ એકજિ ધર્મ, કુમતિ બોલઈ એહવઉ મર્મ ।
આગઈ સમઇ વિરાધિઉં જેહિં, નરયતણાં ફલ સહીઆં તેહિં ॥ ૮ ॥
બોલિયા ક્ષેત્ર દાનનાં સાત, તિહિ તે નવિ માનઈ વાત ।
પયન્નામાહિ સહી તૂં જાણિ, કેવલરિષિની એહવી વાંણી ॥ ૯ ॥
મલ્લિનાથ તીર્થંકર તથા, છઠા અંગમાહિ તેહની કથા ।
દીધઉં દાન સંવત્સરતણઉં, તેહનઉ વિસ્તર કેતુ ભણઉં? ॥ ૧૦ ॥
ચઉવીસમુ જિણેસર વીર, તેહની વિગતિ જિમ દૂધહ નીર ।
પહિલઇ અંગિ સંવત્સરદાન, માનઈ તે જેહનઇ હુઇ સાન ॥ ૧૧ ॥
દાન દેતાં તુમ્હે માણઉ ષેદ, પંચમાંગિ બોલિઉ છઇ ભેદ ।
તુંગીયા નગરી શ્રાવક કિસ્યા, દેતા દાન પાછા નવિ ખિસ્યા ॥ ૧૨ ॥
જિન જન્મોત્સવ તણઇ અધિકારિ, મેરુસિહરિ રિસિ આણી વારિ ।
સ્નાત્ર કીધૂં સવિ ઇંદ્રે વલી, જંબૂદીવ પનત્તિ વલી ॥ ૧૩ ॥
આઠમિ ચઉદસિ પૂનિમ ઘણી, પોસહ છઇ પરદેશી તણા ।
ભગવતિ અંગમાહિ પણિ અછઇ, માનિ મૂરષ તૂં ઝૂરસિ પછઇ ॥ ૧૪ ॥
સયલ કાલ કિમ સરિષઉ હોઈ, ચંદસૂર સાષી છઈ દોઇ ।
અધિકા ઓછા આરા બાર, જ્ઞાતી ગણહરિ કહિયા વિચારિ ॥ ૧૫ ॥

[ અનુસંધાન–ટાઈટલના ત્રીજા પાને ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटा रोड : अमंदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष १३ | વિક્રમ સં. ૨૦૦૪ : વીરનિ. સં. ૨૪૭૪ : ઈ. સ. ૧૯૪૭ | क्रमांक |
| अंक ३ | માગશર શુદિ ૩ : સોમવાર : ૧૫મી ડીસેમ્બર | १४७ |


## श्रीचतुर्विंशतिजिन–नमस्कारस्तोत्रम् ।

सं०–पूज्य आचार्य महाराज श्री. विजययतीन्द्रसूरिजी

[ थराદના બે જ્ઞાનભંડારમાંના ફડવામતના ઉપાશ્રયમાંના જ્ઞાનભંડારમાંનાં હસ્તલિખિત પુસ્તકોના ૧૮મા નંબરના પોટકામાંથી ઉતારીને પ્રસ્તુત સ્તોત્ર અહીં આપ્યું છે ]

प्रणौमि परया भक्त्या, सिद्धिदं सिद्धमण्डलम् ।
परब्रह्मणि संलीनं, सर्वकल्याणकारणम् ॥ १ ॥

नामाकृतिद्रव्यभाव–भेदभिन्नाश्च ये जिनाः ।
पुनन्ति क्षेत्रे काले च, सर्वस्मिस्तान्नमाम्यहम् ॥ २ ॥

अर्हतामादिमं नित्यं, जगदानन्ददायकम् ।
भूभुजामादिमं देवं, नाभेयं प्रणिदध्महे ॥ ३ ॥

दयार्द्रचेतसा येन, व्यलिकाद्रक्षितं जगत् ।
तं भवौघविनाशायाऽजितं वन्दामहे वयम् ॥ ४ ॥

शक्रराजेन्द्रभोगीन्द्र–गणैः सेव्याय स्वामिने ।
परब्रह्मस्वरूपाय, सम्भवाय नमोनमः ॥ ५ ॥

विश्वव्यापी जगत्पूज्यः, चिदानन्दमयः शिवः ।
सदानन्दमयो भव्यान्, नन्दयत्वभिनन्दनः ॥ ६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुमते त्रिजगत्स्वामिन् , तस्यै ते मतये नमः ।
यया मोहनरेन्द्रस्य, जितं सैन्यं शमामृतैः ॥ ७ ॥

प्रभो पद्मप्रभस्वामिन्, नमस्तुभ्यं जगत्पते ।
व्यलीकहारिणे विश्व–पूजिताय परमात्मने ॥ ८ ॥

रक्षन्तु सर्वकालं वो, भवभीतान् विशेषतः ।
श्रीसुपार्श्वजिनेन्द्रोक्त–देशनावचनोर्मयः ॥ ९ ॥

चन्द्रादित्यौ सदा यस्य, यजतः पादपद्मकम् ।
श्रीचन्द्रप्रभनाथं च, तं नौमि शिवकारणम् ॥ १० ॥

स्तुमः सुविधिनाथस्य, केवलज्ञानसागरम् ।
ज्ञेयोपादेयहेयादि–रत्नानामाकरं भुवि ॥ ११ ॥

रागाग्निना भृशं दग्धान् , भूस्पृशान् भुवनेश्वरः ।
दर्शनात् कुरुते शीतान् , शीतलोऽवतु मां सदा ॥ १२ ॥

यद्रूपनिर्जितोऽनङ्गः, कन्दर्पोऽभूद्यतः श्रिया ।
सेवितः श्रीविलासोऽयं, श्रेयांसः सिद्धिदोऽस्तु वः ॥

जयन्ति वासुपूज्यस्य, देशनाजलराशयः ।
जनानामघलिप्तानां, निर्मलीकरणोद्यमाः ॥ १४ ॥

विमलं हि जगत्सर्वं, केवलज्ञानवारिणा ।
कृतं विमलनाथेन, येन तं प्रणमाम्यहम् ॥ १५ ॥

अनन्तगुणसंपूर्णोऽनन्तनाथः सतां मुदे ।
अनन्तजनसंसेव्योऽनन्तज्ञानमयः शिवः ॥ १६ ॥

पान्तु वो धर्मनाथस्य, क्रमाम्भोजनखांशवः ।
सन्नमन्नाकिनाथानां, किरीटमणिरञ्जकाः ॥ १७ ॥

यन्नाम भवभीतानां, भव्यानामभयप्रदम् ।
शान्तितुष्टिकरं नित्यं, तस्मै श्रीशान्तये नमः ॥ १८ ॥

भवाब्धौ मोहभोगीन्द्र-ग्रस्तानां भव्यप्राणिनाम् ।
सिद्धये कुन्थुनाथस्य, देशनावचनामृतम् ॥ १९ ॥

For Private And Personal Use Only

त्यक्त्वा मानुष्यकान् भोगान्, जग्राह व्रतपञ्चकम्।
वैराग्यरससंपूर्णोऽरनाथः सिद्धयेऽस्तु वः ॥ २० ॥
स्याद्वादजलदो यस्य, भव्यमोहमहातपम्।
हरते मल्लिनाथं तं, नमामि शिवकारणम् ॥ २१ ॥
यद्वचोऽमृतमासाद्य, जना मोहमहाविषम्।
उद्वमन्ति क्षणेनैव, तं नौमि मुनिसुव्रतम् ॥ २२ ॥
अंतरङ्गारयो येन, कर्माष्टकसमन्विताः।
नमिता नमिनाथेन, स मां पातु भवाब्धितः ॥ २३ ॥
बन्धनस्थान् पशून् दृष्ट्वा, त्यक्ता येन दयालुना।
राजिमती राजकन्या, स नेमिः सिद्धयेऽस्तु वः ॥ २४ ॥
पार्श्वनाथपदद्वन्द्वं, भूयाद् वः सिद्धिकारकम्।
किरीटकुसुमैः शक्रैः, प्रपूज्यं भक्तिनिर्भरैः ॥ २५ ॥
अज्ञानतमसा व्याप्तं, विश्वं विश्वहितैषिणा।
द्योतितं केवलज्ञेन, श्रीवीरेण शिवाय सः ॥ २६ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રી. હેમચંદ્રાચાર્યવિરચિત અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' ગ્રંથના પ્રારંભમાં આપેલી વર્તમાન ચોવીશીના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ, જે 'સકલાર્હત્સ્તવ' નામે પ્રસિદ્ધ છે, તેના અનુકરણનો નમૂનો આ ઉપર આપેલ સ્તોત્રમાં જોવા મળે છે. અહીં એટલું કહેવું જોઇએ કે આ સ્તોત્રની કવિતા 'સકલાર્હત્સ્તવ' ની કવિતા કરતાં જરૂર ઊતરતી કક્ષાની છે.

श्रीजिनप्रभसूरिकृतं

## विवेककुलकम्।

संपादक--पूज्य मुनिमहाराज श्री कान्तिविजयजी

धणिणो कविणो जइणो तवस्सिणो दाणिणो बहू लोया।
परअप्पनाणिणो पुण विवेइणो के वि दीसंति ॥ १ ॥
अह विहिमग्गविलग्गा भवऊव्विग्गा सया वि संविग्गा।
उवसमगुणिणो मुणिणो विवेइणो ते विरायंति ॥ २ ॥
जहट्ठियवत्थुनिरिक्खणपरमं चक्खू अकित्तिमं सुक्खं।
अन्नाणतिमिरभेओ फुरइ विवेओ सउन्नाण ॥ ३ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



देवं गुरुं च धम्मं जहट्ठियं वरविवेइणो लिंति ।
देवा गुरुणो धम्मा विवेयविलयाण सव्वे वि ॥ ४ ॥
गुणजुत्तगणहराणं गुरुगुणरहियाण आयरियसद्दो ।
वट्टइ जह हरिसद्दो देविंदे दद्दुरे य तहा ॥ ५ ॥
जह विट्ठी विय भद्दा अंगारो मंगलो विसं महुरं ।
तह विवरीयायरणा आयरिया के वि भन्नंति ॥ ६ ॥
एगो कह वि पयासइ जिणागमं नासविंति पुण बहवे ।
ता कह तत्थ पहुच्चइ घडमाणो फोडमाणाणं ॥ ७ ॥
हिंडुयसिद्धंतकरी विवेयवणमद्दणो जहिं भमइ ।
तहिं कह जाणंति जणा जिणागमं सुगुरुपरिहीणा ॥ ८ ॥
पासत्थसत्थनडिया कुबोहजडिया विवेयपरिवडिया ।
कुग्गहगइंदचडिया जीवा भवसायरे पडिया ॥ ९ ॥
अच्छरियं अच्छरियं आगमविहिरयणि विज्जमाणे वि ।
मिच्छत्तमुच्छियमणा अविहिवराडिं जडा लिंति ॥ १० ॥
बहुयपसिद्धिगुणेसुं इयराणं आयरो जहा होइ ।
न तहा परमगुणेसुं गयाणुगामी जणो जेण ॥ ११ ॥
कमलवणं पि हु वियसइ उसिणकरे मउलियइ अमयकिरणे ।
अहवा जडाण संगो सुविवेयविणासणो होइ ॥ १२ ॥
सुविवेयरयणहरणो कसायकलुसाण संगमो नियमा ।
पाडोसिए पलित्ते किं डज्झइ अप्पणो न गिहं ॥ १३ ॥
सुयनाणं मुत्तूणं नियमायरणं न साहए सिद्धिं ।
किं होइ परित्ताणं भमुहाहिं गएहिं नयणेहिं ॥ १४ ॥
निक्कारणं पि के वि हु अववायपयं बहुं पयासिंति ।
गंगं गयं कहं ति य [1]केरडियं मारियं न पुणो ॥ १५ ॥
इयरभणियंमि तोसो जिणिंदवयणंमि जहं (ह) पुण पओसो ।
तेसिं विसं पि अमयं अमयं विसं हा (ह) महामोहो ॥ १६ ॥
दिणयरकरनियरं पिव जिणागमं तमहरं पि तिमिरकरं ।
घूयस्स व जाह जए ताहं (ह) फुडं वपुरि हा! मोहो ॥ १७ ॥

१ विषम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोइयमिच्छत्तविसं आगममंतेण नासइ असेसं ।
लोगुत्तरं तु विसमं न पहू चक्कं सगुत्तस्स ॥ १८ ॥

विसयमहाविसघारिय सिद्धंतसुहारसेण जीवंति ।
जिणवयणामयसित्ता वि घारिया ते कहं हुंति ? ॥ १९ ॥

ता किं दसमच्छेरं अह दूसमदोसगरुयमाहप्पं ।
जेण जिणमग्गलग्गा हा हीलिज्जंति इयरेहिं ॥ २० ॥

न कुणंति सयं सम्मं जिणधम्मं उवहसंति कुणमाणं ।
जह अप्पणा वि रंडा म हवउ अन्ना वि हु अविहवो ॥ २१ ॥

एगो करेइ धम्मं बीओ पुण मच्छरेण तहिं दुक्खी ।
अग्गिमसिरंमि भारो झिज्जइ पच्छट्ठिओ चुज्जं ॥ २२ ॥

लग्गा लोइयधम्मे मूढा वयणिहिं भणंति जिणधम्मं ।
सच्चमिणं कन्नाडी गावो वासेइ मरहट्टं ॥ २३ ॥

जे अन्नधम्मलग्गा का जियवयणे वियारणा तेसिं ।
अंतेउरस्स सारा किं जाणइ पोलिपाहरिओ ॥ २४ ॥

अन्नत्थ भमइ मूढा कज्जं अन्नत्थ कत्थइ असेसं ।
अन्नत्थ मालओ जह खित्तं अन्नत्थ अइदूरं ॥ २५ ॥

अन्नह भमइ सुहत्थी साहीणे वि हु विवेयवरसुक्खे ।
दीपंतदीवहत्थो मूढो अग्गिं गवेसेइ ॥ २६ ॥

अवराहकारि अन्ने भिडंति अविवेयलोय अन्नेसिं ।
सूयरिहिं बछ भक्खिय पिट्टिज्जइ पड्डगाण मुहं ॥ २७ ॥

दिंति उवाइयमेगे जीवियकज्जंमि मच्चुणो अन्ने ।
गुरुमोहमूढचित्ता समरससित्ता न एगस्स ॥ २८ ॥

धम्मियजणाण चित्तं पासत्थाइयकसायअग्गीए ।
उत्ताविय पि कणगं व किं चयइ वन्नपरिमाणं ॥ २९ ॥

जइ वि हु दुहत्तचित्तो उत्तमसत्तो तहा वि जिणभत्तो ।
भग्गो वि कणयकलसो नहु सरिसो इयरकलसाणं ॥ ३० ॥

जइ वि न चरित्तसज्जो सुविसुद्धपरूवगो सुकयकज्जो ।
दहणो मलिणंगो विहु होइ पईवो जणे पुज्जो ॥ ३१ ॥

इक्को विवेयदीवो सुविसुद्धं जिणपहं पयासेई ।
तम्हा पन्नवियव्वो सो चेव सया वि सरियव्वो ॥ ३२ ॥

આ '**વિવેકકુલક**' પાટણના ખેતરવસીના પાડાના તાડપત્રના ભંડારની ( ડા૦ નં૦ ૬ પૃ. ૧૧૫થી ૧૧૮ ) પ્રતિ ઉપરથી ઉતારીને અહીં આપ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિ. સં. ૧૬૬૨માં મુ. પુણ્યકમલવિરચિત

# ભિન્નમાલ–સ્તવન

### સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

[ પ્રસ્તુત સ્તવન પાટણના વાગોળપાડાના ભોજક શ્રી ગિરધરભાઈ હેમચંદના હસ્તલિખિત પ્રાચીન પુસ્તકોના સંગ્રહમાંથી શ્રી. ગિરધરભાઈ પાસે લખાવીને અહીં આપવામાં આવ્યું છે. ]

॥ श्री ऐं नमः ॥

સરસતી ભગવતી નમીય, પાય વાંણી માગીજે;
ભીન્નમાલ પુરમંડણ એ, શ્રીપાસ ગાઈજે. ॥ ૧ ॥
આવી નયર શ્રીયમાલ, પુફ્ફમાલ રતનમાલ;
ચોથે જુગે પ્રગટયો એ, નામે નયર ભિન્નમાલ. ॥ ૨ ॥
ગઢ મઢ મંદિર પોલ ઉલ, જિન સિવ પરસાદ;
વાપીન કુપી નદીય નિઠાંણ, દીઠાં અતિ ઉલ્હાદ ॥ ૩ ॥
ન્યાતી ચોરાસીની થાપના એ, જિણ નયરત દિની;
ઉચિત ગુણ સગલી કરી એ, જિણઅ લંકા જિની. ॥ ૪ ॥
નેઉ સહસ વવહારીઆ એ, વિપ્ર સહસ પણીઆલ;
લખમીદેવી તણો પ્રસાદ, બહુ ઝાકઝમાલ. ॥ ૫ ॥
તિણ કાલઇ વિવહારિઆ એ, ધન ધરમના આગર;
જેણે પૂજાયું પાસતણો, બિંબ પીતલમે સુંદર. ॥ ૬ ॥
મુરતી સારદાતણી એ, આવે મુરતી અવર;
મલેસ તણી જબ હુઇ રાજ, તવ ભુહિરઈ ભંડારી. ॥ ૭ ॥
પ્રતિસય રયણમઈ એ, સોવનમેં સારી,
ઇટં ખણતાં દેવલ ભણ્યાં, પ્રગટયા શ્રીપાસ;
સંવત સોલે ઈકાવનઈ, બહુ [જન] પુગી આસ. ॥ ૮ ॥
મુહતા લખમણ નેપ(મ)ન્યાસ ભાવડ ચઉદસીયા;
સંઘ ચૌવી પ્રભુ પેખી પાસ, અતિ હીયડે હસીયા. ॥ ૯ ॥
થાપ્યા શાંતિપ્રસાદ આંણિ, નિત પુજા મોહોછવ;
ગીત જ્ઞાન (ગાન) કરે ગોરડી એ, બહુ સ્નાત્ર મોહોછવ. ॥ ૧૦ ॥

**વસ્તુ**

તિણ અવસર તિણ અવસર નયર જાલોર,
દેસપતિ ગજનીપતિ અછઈ નામઇ ખાંન તસ્ય રાજ પાલઈ;
તુજ (તસ ?) સેવક ભીનમાલપતિ જાઇ ખાંન પાસ નઇ સુણાવઇ,
સુણો સાહિબ પીતલ તણી ભુતખાંન અદભુત
પ્રગટયો જો તઇ રાખઇ દેવૈ દાન બહુત. ॥ ૧૧ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ચોપાઇ

ખાંન વાત સુણી જેતલઇ, વેગઈ પાસ અણાવું તેતલઈ;
ખુબ પીતલ મેં પાયા આજ, ઘંટા કરાવું હસતી કાજ. ॥ ૧૨ ॥
સઘલે વાત હુઈ જિસઈ, સંઘ ચતુરવ્રદ મલિઉ તસઇ;
જાયે વીનવીઊ ગજનીખાન, નિબાપ માંગઈ માહાજન માંન. ॥ ૧૩ ॥
પીતલ ઘન હમ પાસઇ લીઓ, ભૂતખાંના તમ ચોડિ દેયો;
બાબા આદમકાં ઈ રૂપ, ઈસકા સાઇ બહુ અકલ સરૂપ. ॥ ૧૪ ॥
તસુ ખજં મતિ કીજે ખનુપાર, ઇસકુ કયું ખીલવીયે ઇક વાર; (?)
કરી સલામ ને ચોડો પાસ, ત્યું સહુને હુયો મનકી આસ. ॥ ૧૫ ॥
અપુ પીરોજી ચાર હજાર, ગજની ખાંન બોલ્યો તિણવાર;
લાખ રૂપીઆ કેતાં મલે, કિમ છોડુ હમકે એતલે. ॥ ૧૬ ॥
સંઘ સહુ વલી પાછો જાય, હીયડામાંહે દુખ ન સમાય;
હઇ હઇ વાત કહીઇ કીસુ, મલેસ થકી કિમ લેઇયે તિસુ. ॥ ૧૭ ॥
ધરે અભીગ્રહ વિગુ(વિ)ધ પ્રકાર, શ્રીભગવંત કરો અમારી સાર;
નિરતઈ ગાંમ વસે પુન્યવંત, સંઘવી વરજંગ બહુગુણવંત. ॥ ૧૮ ॥
અનહતણો લીધો નેમ, પાસ મુરતી છુટે તિમ સીમ;
પાસ પુજી હું અનહ જીમેસ, હવે જોયો તે પુન્યવિસેષ. ॥ ૧૯ ॥
નીલડે ઘોડે થયા અસવાર, નીલા વસ્ત્ર પહિરિ સિરસાર;
ધરણેંદ્ર નઇ પદમાવઇ સાથ, પ્રગટ થયા શ્રીપાર્શ્વનાથ. ॥ ૨૦ ॥
ગજનીખાન તુ સુતો જાગિ, વેગો ઉઠે મુઝ ચરણે લાગિ;
મુઝને મુકી નયર ભીનમાલ, નહીતર રૂઠો કાલો કાલ. ॥ ૨૧ ॥
જો રૂઠો તો થાસઇ વિરૂ, ધરણઇંદ્રનઇ ઉચર્યું;
તુઠો આપે રિધ અપારિ, અરીયણમાંહિ જય જયકાર. ॥ ૨૨ ॥

### વસ્તુ

ખાંન ગજનીય ખાંન ગજનીય ચઢીયો અહંકાર,
બોલત બાંગડ બોલડઇ ભુતખાંના તુ કયા ડરાવે;
ડરઇ સહી દુગોબરે વડાભાગ મેરા કહાવે,
રૂઠો તુઠો કયા કરે હમ ખુદાયકે ઇયાર,
મુછલમાન મોટો મલક ભુતખાંન ખયકાર. ॥ ૨૩ ॥

### ઢાલ

સુણુ બે પાસ વાત તુ મેરી, ટુક ટુક કાયા કરૂગો તેરી;
સેરી સેરી ફેરવું એ. ॥ ૨૪ ॥
દેખુ કયા તુ મુજ દુખ દેવઇ, તુહ કોપ્યો મે કયા મેરા લેવે;
દેવઇ કયા તુજ સોવઇકાં એ. ॥ ૨૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાસકાં પાવીસ સુતાં ખાંન, ધરણેંદ્ર પાસ તણો પરધાન;
ધ્યાન ધરે ફુલ દાખીઇ એ. ॥ ૨૬ ॥
કટક માંહિ ઉપની મારા, હસતી ઘોડા હુઇ સંઘાર;
ઠામ ઠામ મલેસ મરઈ એ. ॥ ૨૭ ॥
બીબી બેટા બંધન બોલે, નવણ દેખે થયા અકરેલે;
વહે લોચન સુંદરૂ એ. ॥ ૨૮ ॥
જાલોરી દસ કોસી જેહ, નવિ વરસઈ તિહાં ફેરૂ મેહ;
તે દલડે તડકો પરે એ. ॥ ૨૯ ॥
પરજાલોક કરે પુકાર, પાસ સુરતિ સોડો ખાંનુકાર;
સાર કરો સહુ એતણી એ. ॥ ૩૦ ॥
સાર ભણે મુઝ ચોડી સાંમી, ઇણુએ બહુત વિગાડયા કામ;
દામ બહુત અબ માંગીએ એ. ॥ ૩૧ ॥
સુતો મલક નઈ હેઠો નાંખી, ધરણેંદ્ર વચન સુમુખ ભાખઈ;
છોડક છોડ તુઝ પ્રાંણ તજે એ. ॥ ૩૨ ॥
મારી મુઠી મરમ પીયારી, અંગ ઉપનો રોગ અપારી;
આર નહી વેદન સમો એ. ॥ ૩૩ ॥ ૩૪ ॥*
મનમાંહે ચિત્યે ગજનીય ખાંન, પાસ જિણેસર માણુ માન;
દીઓ દાંન જીવીત તણો એ. ॥ ૩૫ ॥
જો વેદન મુજ સમસી રાતિ, જો પ્રભુ ચોડિસ તુમને પ્રભાતિ;
વાત કહે વેદન સમો એ. ॥ ૩૬ ॥

વસ્તુ

પાસ પુજીય પાસ પુજીય કરિ સલામ,
સધાસણુ બેસણો કરી ભણે ખાંનિ નિજ માન મોડિય;
અલ્લા અલખ આદમ તુમ નહી કોઇ તુઝ તણી જોડીય,
પીર પગંબર તુ ખુદા તુ સાહિબ તુ સુલતાણુ,
મહિર કરો પરજન કર્યું કહે ન લોપું આણુ. ॥ ૩૭ ॥

ઢાલ

પાસ જિણેસર પુજીઆ એ, તેડાવી સવિ સંઘ તો;
નયર ઝાલોર વધામણા એ, નિતનિત ઓછવ રંગ તો. ॥ ૩૮ ॥
વાજિંત્ર વાજઈ નવ નવા એ, સહુ વગાવઇ ભાસ તો;
ખેલા ખેલે રંગ ભરે, જાચકને આપે દાન તો. ॥ ૩૯ ॥
રથ બેસાડી સવિ વધસુ (વિધિસુ) એ, પોસાવ્યા નિરત ગામ તો;
સંઘવી વરજંગ હરખીઆ એ, કરે મહોત્સવ માનતો. ॥ ૪૦ ॥

* મૂલ પ્રતમાં ૩૨ પછી ૩૪ આંક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સતરભેદ પુજા કરીય, મોટે મંડાંણુ જંગ તો;
તેડયા ચિહુ દિસઇ પાઠવીય, તેડાવી સવી સંઘ તો. ॥ ૪૧ ॥
ભગતિ કરે સાહમી તણી એ, દિઇ અવરી દાન તો;
સંઘ પહિરાવિ સાવટુ એ, આપઇ અધિક માન તો. ॥ ૪૨ ॥
તેર માસે પારણો એ, પાસ પુજીનઈ કીધ તો;
સોગ સહુ નાસી ગયા એ, મનના મનોરથ સિદ્ધ તો. ॥ ૪૩ ॥

વસ્તુ

સંઘ ચિહુ દિસ સંઘ ચિહુ દિસ તણા આવંત,
પાસ પાસ તેહની ભલી પતી આસ એ;
ચિહુ દિસી કીરતી વિસ્તરી જૈન ધરમનેં જૈ ઉધીરે;
પન્નર દિવસ પ્રભુ તિહાં રહ્યા, પધાર્યા ભીન્નમાલ,
ઘર ઘર હુવા વધામણા કીજે મંગલમાલ. ॥ ૪૪ ॥

ઢાલ

સંઘ ચોવીય મન હરખીઆ, નિરખી આ પાસ જિણંદ રે;
ઘર ઘર ગુડી ઉછલે, મિલીઆ ભવિકતણા વૃંદ રે. ॥ ૪૫ ॥
પાસજી ભલાં રે પધારીયા ( આંકણી )
આજ આસ્યા સવિ ફલી, મિલી મિલી મોહન વેલ રે;
કામગવી કામકુંભ કર વડે, ચિંતામણુ કરે ઘર ગેલ રે. ॥ પા૦॥ ૪૬ ॥
પંચ પુત્ર સવ સુઓ ચાડીઉ, વલી હુઓ રિદ્ધિ નાસ રે;
રડવડે તેહના ચોરડા, ફલ લહઇ દુહવ્યા જિનપાસ રે. ॥ પા૦॥ ૪૭ ॥
પંચ પ્રસાદ જિનવરતણા, સોહઇ સોહઇ સેરમ મમત રે;
સંઘ આવઇ ચિહુ દિસ તણા, જાત્રા કરે મોટે મંડાણુ રે. ॥ પા૦॥ ૪૮ ॥
રોગ જલ જલણ વિસહર વલિ, ચોર અરંગજ મૃગરાજ રે;
રણુદ્દર જિણુ ભાજન પાસનામઇ ભય જાઇ ભાજ રે. ॥ પા૦॥ ૪૯ ॥
આજ ભલઇ મહુરત થાપીઆ, પાસજી પરસાદ મઝાર રે;
નવ ચોકી મન મોહીઓ, પાખતિ પરદિખણા સાર રે. ॥ પા૦॥ ૫૦ ॥
સંવત સોલઇ નઇ બાસિઠઈ, શ્રાવક સુંદર વિચાર રે;
પાંચમ તિથી પાસજી તણી, ગુણ ગાવઇ હરખ અપાર રે. ॥પા૦॥ ૫૧ ॥

કલસ

અશ્વસેનનંદન દુખનિકંદન પાસજિણવર જગગુરૂ;
ભીન્નમાલભૂષણ વિગતિદુષણ, સંઘ ચોવીહ સુખકરૂ. ॥ ૫૨ ॥
તપગછમંડણ કુગતિખંડણ શ્રીહંસરત્નસૂરીસરૂ;
પંડિત સુમતિકમલ સીસ, પુન્યકમલ ભવભયહરૂ. ॥ ૫૩ ॥

॥ ઇતિ શ્રી ભિન્નમાલ સ્તવન ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"સિરોહી રાજ્યનાં કેટલાંક પ્રાચીન જિનમંદિર" લેખના અનુસંધાનમાં–

# ગુજરાતનાં કેટલાંક પ્રાચીન જિનમંદિરો

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

(ગતાંકથી ચાલુ : આ અંકે પૂર્ણ)

## પાટણ

ગુજરાતની પ્રાચીન રાજધાની, ગુજરાતની અસ્મિતા અને ગૌરવનું કેન્દ્ર પાટણ એક દર્શનીય સ્થાન છે. એક વાર સમસ્ત હિન્દમાં પાટણ પ્રખ્યાત હતું. પાટણમાં ગુજરાતીઓનાં સંસ્કાર, કળા, બુદ્ધિ, વૈભવ અને ધનના ભંડાર ભર્યા હતા. આખા ગુજરાતનો, અરે, છેલ્લા હજાર વર્ષથીયે વધુ કાલનો સમસ્ત ભારતનો ચડતીપડતીનો ઇતિહાસ પાટણે અવલોકયો છે અને એની અનેક નોંધના સંગ્રહો પણ રાખ્યા છે. પાટણનો ભૂતકાળ બહુ જ ઉજ્જવળ અને રોમાંચક છે. વર્તમાન કાલ પણ રોચક અને ગૌરવવંતો છે. ભવિષ્યકાળ ભાખવાનું કામ બીજાઓને–દ્રષ્ટાઓને સોંપુ છું.

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી શીલગુણસૂરિજીના આશ્રયથી ચાવડા વંશનું નામ અજવાળનાર 'વનરાજ'નું જીવન બન્યું. શીલગુણસૂરિજી, ચાંપો વાણીઓ અને શ્રીદેવીના ઉચ્ચ આદર્શથી વનરાજનું જીવન ઘડાયું–વિકસ્યું 'વનરાજ' 'માનવરાજ'ના ગૌરવને પામ્યો. પાટણને શોભાવવાનો–શણગારવાનો યશ જેમ ગુર્જર નરેશોને છે તેવો જ યશ, બલ્કે તેથીયે વધુ યશ, લક્ષ્મીદેવીના સદાના લાડકવાયા, દાનવીર, ધર્મવીર અને કર્મવીર જૈનોને ઘટે છે. રાજાઓએ રાજમહેલો, મજશાળાઓ, ધર્મમંદિરો અને સહસ્રલિંગ જેવા મહાન સ્થાનો બંધાવી પાટણને શોભાવ્યું ત્યારે આ ધનકુબેર, બુદ્ધિનિધાન વણિક જૈનોએ આરસનાં આલીશાન જિનમંદિરો વગેરે બંધાવી લલિત કલાને પૂર્ણતાએ પહોંચાડી. મુસલમાની યુગમાં મકબરા અને મસીદો બંધાયાં, કિલ્લો અને શાળાઓ બની ત્યારે પણ ધર્મવીર અને દાનવીર જૈનોએ દેરસ્થાનો, જ્ઞાનમંદિરો, વિદ્યામંદિર અને જિનમંદિરો બંધાવી પાટણને ગૌરવવન્તુ રાખવા સદાયે પ્રયત્ન કર્યો છે.

પાટણનો ક્રમશઃ ઇતિહાસ આપતાં એક પુસ્તક જ લખવું પડે. પાટણમાં ભૂતકાલમાં થયેલા–પધારેલા જૈનાચાર્યોનું રોમાંચક વર્ણન વાંચતાં આપણાં રૂવાડાં ઊભાં થાય છે.

પાટણમાં શ્રી શીલગુણસૂરિજીના ઉપદેશથી વનરાજ ચાવડાએ શ્રી પંચાસર પાર્શ્વનાથજીનું મંદિર બંધાવ્યું. વનરાજે વિમલ મંત્રીશ્વરના પૂર્વજોને ગાંભૂથી—મૂળ ભિન્નમાલના અને ગાંભૂમાં વસેલા—પાટણમાં વસાવે છે. વણિક ચાંપો મંત્રીશ્વર બને છે. રજપૂતોની વીરતા અને વણિકોના ડહાપણનો ભંડાર એ મંત્રી ગુજરાતનું સામ્રાજ્ય જમાવે છે, ચાવડાઓના રાજ્યકાલમાં જૈનોનું એકછત્રી સામ્રાજ્ય જામે છે. ત્યારપછી આવે છે સોલંકી વંશ. મૂલરાજ સોલંકી મામાની હત્યા કરી, એના ખૂનમાં હાથ ભીના કરી, એ ગાદીએ બેસે છે અને પાપને પ્રક્ષાલવા સરસ્વતીને તીરે રૂદ્રમહાલયની શરૂઆત કરાવે છે. ભિન્નમાલથી બ્રાહ્મણોને આમંત્રે છે. પછી તો અવારનવાર જૈનો અને બ્રાહ્મણોનું આધિપત્ય જામે છે. કોઈક વાર સંઘર્ષના તણખા પણ ઝરે છે, છતાં મોટે ભાગે વણિક જૈન મંત્રીઓનું વર્ચસ્વ અખંડિત રહે છે.

દુર્લભરાજની સભામાં સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજી અને શ્રી જિનેશ્વરસૂરિજીનો 'ચૈત્યવાસ' સામે વાદ મંડાય છે અને જે મહાન ક્રાંતિનાં બી શ્રી હરિભદ્રસૂરિજીએ વાવ્યાં હતાં, જે મહાન પરિવર્તનની આગાહી શ્રી હરિભદ્રસૂરિજીએ કરી હતી, તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉષાકાળ પ્રગટે છે. પછી તો મલધારી શ્રી અભયદેવસૂરિજી વગેરે સમર્થ સૂરિપુંગવોનાં પનોતાં પગલાં ગુર્જરેશ્વરોની રાજસભામાં થાય છે. બીજી તરફ વિમલ મહામંત્રી બને છે. એ દંડનાયક પણ બને છે. ચંદ્રાવતીના પરમારને એ હરાવે છે અને એ દાનવીર ધર્મવીર આબુ ઉપર કલા સંસ્કાર અને ગુર્જર સંસ્કૃતિના ગૌરવરૂપ સુંદર જિનમંદિરો બનાવે છે. વિમલ અને એના પૂર્વજો પરમ જૈનધર્મી હતા. ધર્મરક્ષા અને ધર્મપ્રભાવના માટે તેઓ સદાયે તત્પર રહ્યા છે.

આબુના મંદિરોમાં હું તો ગુજરાતનું ગૌરવ, ગુજરાતની અસ્મિતા અને ગુજરાતની સંસ્કૃતિની જીવંત મૂર્તિનું નિરીક્ષણ કરી રહ્યો છું. ભલે એ મંદિરો જૈન મંદિરો રહ્યાં, કિન્તુ એક ગુજરાતીએ એક-પટણીએ આબુ ઉપર જ નહીં સમસ્ત ગુજરાત અને રાજપૂતાના ભરમાં જેની દૃઢ છાપ બેસાડી છે, જે ધર્મભાવના જગાવી છે, કલા અને સંસ્કૃતિને જીવતી રાખવાની તમન્ના પ્રગટાવી છે, ગુજરાતની અસ્મિતાને જગાવી છે, એની પછીના ગુર્જરેશ્વરોને, ગુર્જર શ્રીમંતોને અને ગુર્જર કલાપ્રેમીઓને એણે જ પ્રેરણાનાં અમૃત પાન પાયાં છે, એ ભૂલ્યાં ભુલાય તેમ નથી જ. એ દૃષ્ટિએ આપણે પાટણનું ગૌરવ આંકવાની જરૂર છે આબુના એ જૈન મંદિરોની પ્રતિકૃતિ કરવાનું ઘણાયને મન થયું છે. હું તો એમાં પાટણની જ મહત્તા અને કીર્તિ જોઇ રહ્યો છું.

ત્યારપછી અનેક વિદ્વાન સુવિહિત સૂરિપુંગવો પાટણને પુનિત કરે છે, ગુર્જરેશ્વરોને પ્રતિબોધી જ્ઞાનામૃત—ધર્મામૃતનું પાન કરાવી એ ગુર્જરેશ્વરોને સાચા 'માનવરાજો' રાજપુંગવો બનાવે છે. કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાલ આ ત્રિપુટીનો યુગ ગુજરાતનો સુવર્ણયુગ બને છે. એમણે ખોબા જેવડા ગુજરાતમાંથી મહાન રાષ્ટ્ર ઘડયું છે. આમાં શાંતુ મહેતા, મુંજાલ મહેતા, ઉદયન મહેતા, આંબડ અને બાહડ મહેતાનો મુખ્ય હિસ્સો હતો. અને અભયદેવસૂરિ, વિજયસિંહસૂરિ, વીરાચાર્ય, વાદી શ્રી દેવસૂરિજી, દેવચંદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી જેવા સમર્થ ધર્મગુરૂઓએ ધર્મોપદેશ આપીને ગુજરાતની યશઃપતાકા-વિજયપતાકા સમસ્ત ભારતમાં ફરકાવી. ગુજરાતના આ સમર્થ જ્યોતિર્ધરો, મહાત્માઓ, સંત પુરુષો, રાજા-મહારાજાઓ અને મંત્રીશ્વરોનો યથાર્થ પરિચય અને ગુજરાતની અસ્મિતાનું સાચું દર્શન આપણને પાટણમાં જ બનેલા દ્વયાશ્રય મહાકાવ્યમાં મળે છે. તેમાંયે સિદ્ધરાજ અને કુમારપાલ તો ગુજરાતના ચંદ્રગુપ્ત અને અશોકનું ગૌરવન્તુ બિરુદ ધરાવે તેવા થયા છે. એમણે ગુજરાતમાં ભોજ દેવ અને વિક્રમાદિત્યને પણ ભૂલાવે તેવા સત્કાર્યો કર્યાં છે, અને ગુર્જરરાષ્ટ્રને શોભાવ્યું છે.

મહારાજા કુમારપાળ પછી ગુર્જરરાષ્ટ્રનો સૂર્ય મધ્યાહ્નનેથી અસ્તાચલે ઊતરે છે અને અજયપાલ તેનું નિમિત્ત બની જાય છે. પછી તો મુસલમાની હુમલાઓ ઊતરે છે, મહમદ ઘોરી અને છેલ્લે કરણ.વાઘેલાના સમયે ગુજરાત પરદેશી સત્તાનો ભોગ બની જાય છે.વચ્ચે ખારા સમુદ્રમાં મીઠી:વીરડી જેવા, ઘોર અંધકારમાં તેજસ્વી નક્ષત્ર જેવા, મહાન તોફાનમાં આથડતા વહાણને માટે દીવાદાંડી જેવા વસ્તુપાલ તેજપાલ, વીરધવલ એવા થોડા થોડા ચમકે છે, શત્રુંજયોદ્ધારક સમરાશાહ જેવા તેજસ્વી દીવાઓ પ્રકાશે છે અને ગુજરાતના ભૂતકાલીન ગૌરવને યાદ કરાવે છે. પાટણ પણ આગળ જાય છે,પાછું હઠે છે, ચડતી-પડતીમાં અટવાય છે. છતાંયે એ ઊભું થાય છે. અહમદશાહે અહમદાબાદ વસાવ્યા પછી પાટણથી રાજધાનીનું કેન્દ્ર બદલાય છે. એનું માન-સન્માન ગૌરવ અને આદર ઘટે છે. એક વાર તો એ શ્રીહીન વિધવા નારી જેવી દશા પણ પામે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્તમાન પાટણ તો તદ્દન નવું જ વસેલું છે, મુસલમાની યુગમાં એનું નિર્માણ થયું છે, છતાં એ પાટણ પોતાના ભૂતકાલીન ગૌરવને કદી ભૂલ્યું નથી; જ્યાં એક પણ ગુજરાતી વસે છે ત્યાં ત્યાં પાટણ વિજયવંતુ–ગૌરવ ગાથા ગાતું ખડું જ છે. મુસલમાની યુગમાં પણ મુગલાઈ જમાનામાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજી, આ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી અને આ. શ્રી વિજયદેવસૂરિજી એ ત્રણે સૂરિપુંગવોના શાસનકાલમાં પાટણમાં જૈન સંઘની વિજયપતાકા ફરકે છે. અહીં અનેક ભવ્ય જિનમંદિરો બને છે, અનેક જિનમૂર્તિઓની અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો થાય છે, અનેક ઉત્સવો અને દીક્ષાઓ પણ થાય છે. શ્રીહીરવિજયસૂરિજીને પાટણમાં શરૂઆતમાં મુસલમાન સૂબાઓ દ્વારા ઉપદ્રવો પણ થાય છે. ક્ષમામૂર્તિ સૂરિજી એ ઉપદ્રવો સમતાપૂર્વક સહે છે, સૂબાઓને પ્રતિબોધે છે અને જૈન શાસનનો વિજયડંકો વગાડે છે.

સમ્રાટ અકબરના દરબારમાં મહાન્ ગૌરવ, આદર અને સન્માન જગદ્ગુરુને મળ્યાં છે. અને સૂરિજીએ સમ્રાટને તથા તેના સૂબાઓને રાણા અને મહારાણાઓને પ્રતિબોધી, અહિંસાનાં ફરમાનો મેળવ્યાં છે, અમારી પળાવી છે, તીર્થરક્ષાનાં ફરમાનો મેળવ્યાં છે, શ્રમણોપાસકોની પણ સમયે સમયે રક્ષા કરી મહાન ગૌરવ અને માન મેળવ્યાં છે. આ સૂરીશ્વરજીની દીક્ષા સં. ૧૫૯૬માં કા.વ. ૨. પાટણમાં થઈ છે. તેમજ તેમનો પાટમહોત્સવ પણ પાટણમાં થયો છે. અને સમ્રાટ અકબરને પ્રતિબોધવા જતાં પહેલાં પોતે પાટણ પધારી, ૧૬૬૪માં પાટણ ઘઇ પાટણ પાસે વડાવલીમાં પોતાના ગુરુ શ્રી વિજયદાનસૂરિજીની ચરણ-પાદુકાના–સ્તૂપનાં દર્શન કરી આગળ વધ્યા હતા.×

જૈન ધર્મના આ મહાન આચાર્યશ્રીના ત્યાગ, તપ, જ્ઞાન અને ઉત્કૃષ્ટ સંયમના પ્રતાપે સમ્રાટ અકબરે 'અહિંસા પરમો ધર્મઃ' નાં અમીપાન કર્યાં હતાં. સૂરિજીના શિષ્યરત્નોએ—ઉપાધ્યાયજી શ્રી શાંતિચંદ્રજી, ઉપાધ્યાયજી શ્રી ભાનુચંદ્રજી અને શ્રી સિદ્ધચંદ્રજી ગણિએ—વર્ષો સુધી અકબરના ધર્મ દરબારને—ધર્મસભાને શોભાવી છે. અકબર આ. શ્રી વિજયસેનસૂરિજીનાં દર્શન માટે—

×વડાવલીમાં રહેલી ચરણપાદુકાઓનો ઉલ્લેખ હીરસૌભાગ્યમાં આ પ્રમાણે છે—

"सीमभूमौवटपल्लिकायास्ततो भावडस्यात्मभूः सूरिशीतद्युतेः ।
चैत्यमर्चामिव श्रीजिनेन्द्रोर्गुरोः पादुकास्तूपमभ्येत्य स प्राणमत् ॥

(હીરસૌભાગ્ય, સર્ગ ૧૨, શ્લોક ૧૭)

આ પાદુકા અત્યારે ત્યાં નથી પણ પાટણમાં એક પાદુકા છે, જેમાં નીચે પ્રમાણે લેખ છે.

संवत १६२१ वर्षे वैशाष सुदि १२ गरु वडावली मधे भटारक श्री वजइदान सूरिनु नरवाण हवुं तथा वदि कमल पूजा करि तथा नरवाण आवि तेहनी श्रीवजअदान सूर वादानी आषडी मूकाअ श्री वजदानसूरगुरुगरभो नमः

આ લેખની ભાષા જૂની ગુજરાતી છે. તેમજ હું મૂળ પાદુકાનો આ લેખ હોય તેમ નથી માનતો; માત્ર કોઇ ભક્તે આખડી રાખી છે, અને પાદુકા બનાવી છે તેનો લેખ માનું છું. મૂળ પાદુકાઓ જુદી હશે. કિન્તુ ભક્તજને પોતાની બાધા પૂરી કરવા આ પાદુકા બનાવી આખડી પૂરી કરી હશે એમ સમજાય છે.

For Private And Personal Use Only

ઉપદેશ માટે તેમને લાહોર બોલાવે છે, તેમનો ઉપદેશ સાંભળી ખુબ જ પ્રસન્નતા અને આત્મિક શાંતિ–પરમ પ્રમોદ પામે છે અને તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિજીને 'સવાઈ શ્રી હીરસૂરિનું' અપૂર્વ માન આપે છે. અને તેમના શિષ્ય શ્રી વિજયદેવસૂરિજીને અકબરનો પુત્ર જહાંગીર બહુ જ પ્રેમ આદર અને બહુમાન પૂર્વક માંડવગઢમાં મળે છે, અને બહુ જ ખુશી જાહેર કરે છે. આ ત્રણે સૂરિપુંગવોએ સ્વગચ્છ કે વાડાની મહત્તા કદીયે નથી સ્થાપી, માત્ર વીતરાગ ધર્મ–જૈન ધર્મ અને તેના સિદ્ધાંતોની જ મહત્તા વર્ણવી જૈન શાસનની વિજયપતાકાઓ ફરકાવી છે. પાટણના સૂબાઓને પણ આ ત્રણે સૂરિપુંગવોએ ધર્મોપદેશ આપી જૈન શાસનની પ્રભાવનાનાં અનેક શુભ કાર્યો કરાવ્યાં છે. આવા મહાન પ્રતાપી સૂરિપુંગવો ઉપર કેટલાક અનભિજ્ઞ લેખકો જૈન અને જૈનેતરો આક્ષેપો કરવા પ્રેરાય છે. પરંતુ એ તો સૂર્ય સામે ધૂળ ઉડાડવા જેવું જ છે. તેમાંયે શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ મુગલ સમ્રાટ અકબરનાં દ્વાર જૈન સાધુઓ માટે ખુલ્લાં કરાવી અહિંસા ધર્મનું જે મહત્ત્વ સમ્રાટ અકબરને સમજાવ્યું, પરધર્મ પ્રતિ સહિષ્ણુતા અને પ્રેમ રાખતાં શીખવ્યું છે એ તો અદ્ભુત છે.

અકબરના દરબારમાં પહેલાં એક જૈનયતિ વર્ય પધાર્યાનો અને પોતાનો પુસ્તકભંડાર આપ્યાનો ઉલ્લેખ જરૂર મળે છે. પરંતુ એમનો સમ્રાટ અકબર ઉપર કાંઈ પણ પ્રભાવ પડયો હોય એવો ઉલ્લેખ નથી મળતો. જ્યારે અકબર શ્રી હીરવિજયસૂરીશ્વરજી ઉપર પ્રસન્ન થઈ એ પુસ્તકભંડાર સૂરિજીને પ્રેમાંજલીરૂપે ભેટ આપે છે. આઈને અકબરીમાં પણ શ્રીહીરવિજયસૂરિજી, શ્રી વિજયસેનસૂરિજી અને ઉ. શ્રી. ભાનુચંદ્રજીનાં નામ ઉપલબ્ધ થાય છે. આ વાત પણ મારા ઉપર્યુક્ત કથનનું જ સમર્થન કરે છે. આ ત્રણે સૂરિવરોએ ગુજરાત અને પાટણના સૂબાઓ ઉપર પણ પ્રભાવ પાડયો હતો. છેલ્લે જગદ્‌ગુરૂજી સિદ્ધાચલજીની યાત્રાએ પધાર્યા ત્યારે પાટણનો સિદ્ધગિરિનો મહાન સંઘ નીકળ્યો હતો જે પ્રસિદ્ધ છે. આવી રીતે પાટણમાં અનેક સૂરિપુંગવોનાં પુણ્યપગલાંથી જૈન ધર્મ અને જૈનશાસન પ્રભાવનાનાં–પ્રચારનાં અનેક શુભ કાર્યો થયાં છે.

વર્તમાન પાટણમાં લગભગ ૧૨૫ જિનમંદિરો છે, અનેક જ્ઞાનભંડારોછે, જેમાં તાડપત્રીય પ્રાચીન ગ્રંથો અને કાગળ કાપડના ગ્રંથો પણ પુષ્કળ છે. અત્યારે તો શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં ઘણા ભંડારો આવ્યા છે એ ખાસ દર્શનીય છે. અહીં અત્યારે પંચાસરા પાર્શ્વનાથજીનું ભવ્ય મંદિર, જેમાં તીર્થંકર પ્રભુઓની અનેક પ્રાચીન મૂર્તિઓ છે, તેમજ શીલગુણસૂરિજી, વનરાજ ચાવડો, દેવચંદ્રસૂરિની મૂર્તિ છે. અષ્ટાપદજીનું મંદિર, ઢંઢેર વાડામાં, જોગીવાડામાં સાળવી વાડામાં સંગ્રામ સોનીનું, આદિનાથજી વગેરેનાં મંદિરો ખાસ દર્શનીય છે. તેમજ જાખાલગચ્છના શ્રી શીલસૂરિજીની પ્રાચીન મૂર્તિ, ૧૧૫૫ની આર્યિકા સાધ્વીજીની મૂર્તિ, ૧૪૨૯ની આચાર્યશ્રીની મૂર્તિ, શ્રાવક શ્રાવિકાઓની મૂર્તિ, હાથમાં કેસર, પુષ્પમાલા આદિ પૂજનથાલ લઈને ભક્તિ અર્ઘ્ય આપતાં શ્રાવક શ્રાવિકાઓની મૂર્તિઓ; અનેક પ્રાચીન તીર્થપટો, શાસનદેવોની મૂર્તિઓ વગેરે બહુ જ દર્શનીય છે. પીત્તળનું[1] સહસ્રકુટનું મંદિર પણ અપૂર્વ વસ્તુ છે. સંભવનાથજીના મંદિરમાં ૧૫૮૭ની

---

૧ આ સહસ્રકુટના ત્રિગડાની નીચેની પરિધ ઉપર નીચે પ્રમાણે લેખ છેઃ—

सं. १७७४ ज्ये. शुदि ८ । श्री तेजसी भार्या देववहू सुता पुंजी सुत गुलाब । द्वि० भार्या राधा सुता लहीरक × × सुत मलुक प्रमुख सपरिवार × × × तेजसीकेन सुख

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી હેમવિમલ સૂરિજીના ઉપદેશથી બનેલ ધાતુની પંચતીર્થીમાં રત્નમય મૂર્તિ બન્યાનો લેખ છે પરન્તુ મૂર્તિ તો એ નથી રહી.[2]

---

श्रेयोर्थं श्रीपार्श्वनाथादिबिंबसहस्र पित्तलमय । कोष्ठ कारितः श्री पूर्णिमापक्षे । भ । श्री महिमा । प्रभसूरिस्तत्पट्टे । भ । श्री भावप्रभसूरीणामुपदेशात् कृतमहोत्सवेन प्रतिष्ठापितश्च ढंढेरपाटक संबंधिता ॥

તેમજ સહસ્રકુટના ત્રિગડાની બેઠક ઉપર પણ લેખ છે, જે નીચે આપું છું:—

॥ संवत् १७७४ वर्षे ज्येष्ठ शुदि ८ सोमे । पत्तनमध्ये श्री श्रीमालीज्ञातीय वृद्धि शाखायां । दो । श्री वीरा सुत । दोसी श्री शिवजो सुत । दो । श्री मेघजी भार्या सहिज वहू सुत । दो । श्री जयतसी भार्या रामवहू सुत । दोसी श्री तेजसी भार्या देवबाइ सुता पुजी । सुत गुलाब द्वि० भार्या राधावहु सुता लाहरषी । सुत मुलुकचंद प्रमुख सपरिवारयुतः दो । श्री तेजसीकेन सुखश्रेयोर्थं श्री पार्श्वनाथादिबिंबसहस्र पित्तलमय कोष्ठः कारितः ॥ पूर्णिमा पक्षे । भ० । श्री भावप्रभसूरिभिः प्रतिष्ठितः

બન્ને લેખોનો ભાવ એક સરખો છે. ઉપરના કરતાં નીચેના લેખમાં વંશાવલીનાં નામો વધારે છે, જ્યારે પ્રતિષ્ઠાપકની વંશાવલી નીચેના લેખ કરતાં ઉપરના લેખમાં વધારે છે. બન્ને લેખોનો ભાવાર્થ એક સાથે જ આપું છું એટલે વાંચકોને અનુકુળતા રહેશે.

સં. ૧૭૭૪માં પાટણનિવાસી શ્રી શ્રીમાલી જ્ઞાતિના, વૃદ્ધશાખીય, દોસી શ્રીયુત્ વીરા (વીરચંદભાઇ), તેમના પુત્ર દોસી શ્રી શિવજી, તેમના પુત્ર દોસી મેઘજી, તેમનાં પત્ની સહિજ વહૂ, તેમના પુત્ર દોસી જયતસી, તેમનાં પત્ની રામવહુ, તેમના પુત્ર દોસી તેજસી, તેમનાં પ્રથમ પત્ની દેવબાઇ, તેમનાં પુત્રી પૂંજી (બાઇ) અને પુત્ર ગુલાબ; તેજસીના બીજાં પત્ની રાધાવહુ, તેમની પુત્રી લાહરષી અને પુત્ર મલુકચંદ આદિ સમસ્ત કુટુંબના શ્રેય માટે તેજસીએ શ્રી પાર્શ્વનાથ આદિ હજાર મૂર્તિઓનું પિત્તળનું કોષ્ઠ–બેઠક સહસ્રકુટની ગાદી–(ઉપરનો વચ્ચેનો ભાગ) કરાવ્યો છે અને પ્રતિષ્ઠા પૂર્ણિમા પક્ષના ભટ્ટારક શ્રી મહિમાપ્રભસૂરિ તેમના પટ્ટધર શ્રી ભાવપ્રભસૂરિના ઉપદેશથી; મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી છે. આ સહસ્રકુટનું પિત્તલમય મંદિર ઢંઢેરવાડા સંબંધિતું છે.

૨. ઉપરના મંદિરમાં રત્નમય મૂર્તિનો લેખ છે પરન્તુ ત્યાં રત્નમય મૂર્તિ નથી. જ્યારે મણિયાતિ પાડામાં શેઠ લલ્લુચંદ અમનચંદને ત્યાં નાનું ઘરમંદિર છે તેમાં રત્નમય—સ્ફટિકની મૂર્તિ છે, જેના પારિકરમાં નીચે પ્રમાણે લેખ છે.

મૂલ અંદરનું મંદિર હાથીદાંતનું સુંદર બારીક કોરણીથી સુશોભિત છે. આમળનો ભાગ લાકડાનો છે.

" संवत् १६७३ वर्षे पौष कृष्ण पंचमी शुक्रे श्री पत्तननगरवास्तव्येन वृद्धशाखायां श्री श्रीमालीज्ञातीय दो० धनजी भार्या मरघाइ सुत दो. संतोषीकेन भार्या सहजलदेप्रमुख-कुटुम्बयुतेन स्व श्रेयसे श्री. रि [ष] भदेवपरिकरः कारितः प्रतिष्ठितश्च तपागच्छे भट्टारक पुरंदर भट्टारक श्रीहीरविजयसूरीश्वरशिष्य भट्टारक श्रीविजयसेनसूरीश्वरायलंकारहारानुकारि भट्टारकप्रभु भट्टारक श्रीविजयदेवसूरिभिरिति भद्रं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સિવાય શ્રીહેમચંદ્રાચાર્યજી જૈનસભા, એનું પુસ્તકાલય પુસ્તકપ્રકાશન વિભાગ પણ જોવાયોગ્ય છે. નગીનદાસ કરમચંદ હોલમાં કેસબાઈ જૈન જ્ઞાનમંદિર પુસ્તક પ્રકાશન વિભાગ, જૈન ધર્મશાળાઓ (લગભગ–૭) વગેરે વગેરે ઘણું ઘણું જોવા જેવું છે.

આ સિવાય દરવાજા બહારની મસ્જીદ કે જે પ્રાચીન મંદિરમાંથી મસ્જિદ બનેલ છે, તથા કાલિકાનું મંદિર જેમાં એક થાંભલામાં નીચે પ્રમાણે લખે છેઃ—

सं. १२८४ वर्षे श्रीमत्पत्तनवास्तव्य प्राग्वाट ठ. श्री पूनसिंह सूत ठ. श्री आह्लणदेवी कुक्षीभूः ठ. पेथडः

એક થાંભલામાં પરિકરના છેદ છે. તેમજ હમણાં ખોદકામ કરતાં નીકળેલ સહસ્રલિંગ તળાવના અવશેષ–વિભાગો, રાણકીવાવ, જૂનું પાટણ વગેરે વગેરે સ્થાનો ઘણા લોકો જોવા જાય છે. બાકી સરકારી મકાનો—બંગલાઓનો પણ પાર નથી. પણ આજે પાટણ જાણે નિસ્તેજ લાગે છે. સાથે જ પટણીઓનો આપસમાં જે પ્રેમ–સ્નેહ–સંગઠન અને સહકાર જોઈએ તેવો નથી. તેમાંયે જૈનોમાં તો પ્રેમ–સ્નેહ અને અમીભર્યો મીઠો સંબંધ અને સંગઠનની ખાસ ખામી જણાય છે. પાટણનો જૈન એક, અવિભક્ત, અખંડ બને આપસમાં પ્રેમ–સ્નેહ–અમીભર્યો મીઠો સંબંધ રાખે અને મારા–તારાના ભેદો ભૂલી જઈ એક બને એમ ઇચ્છું છું. અંતમાં અઢારમી સદીના પ્રસિદ્ધ યાત્રિક કવિ શ્રી શીલવિજયજીના શબ્દોમાં પાટણનું વર્ણન આપી આ લેખમાળા સમાપ્ત કરી દઉં છું—

"આવ્યા પાટણિ અતિ આદરી, પાસજી ભેટ્યા પંચાસરિ;
કોકો નારિંગો ચારૂપ, પાસ અઢારે સુગુણ સ્વરૂપ.
વીસોત્તર સો જીનઆવાસ, દરિસણ આપિ લીલવિલાસ;
કુમારપાલ નિં વિમલપ્રધાન, ઇહાં ઉપના તે ગુણનિધાન.
હેમાચાર્ય તણિ વષાણિ, અઢારસય કોટીધ્વજ જાણિ;
પાટણિ પનોતા શ્રાવક વસિં, ધરમકાર્ય કરતા ઉલ્હાસિ.
પાટણ નય પ્રસીધું જાણુ........ ;
કુમારપાલ હુઓ ભૂપાલ, અઢાર દેસ[3] દયા પ્રતિપાલ.

સં. ૧૬૭૩માં પોષવદિ ૫ને શુક્રવારે પાટણનિવાસી વૃદ્ધશાખીય શ્રી શ્રીમાલીજ્ઞાતીય દોશી ધનજી તેમના પત્ની મરઘાબાઇ તેમના પુત્ર દોશી સંતોષીએ તેમના પત્ની સહજલદે પ્રમુખ કુટુમ્બ સહિત પોતાના કલ્યાણ માટે શ્રી ઋષભદેવ ભગવાનનું પરિકર કરાવ્યું. જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજી શિષ્ય શ્રી વિજયસેનસૂરિ અને તેમના પટ્ટાલંકાર શ્રી વિજયદેવસૂરિજીએ પ્રતિષ્ઠા કરાવી. ભદ્રં ભવતુ, કલ્યાણ થાઓ.

આ સ્ફટિકરત્નની મૂર્તિ ભવ્ય અને દર્શનીય છે. આ સિવાય પાટણમાં કમ્બોઈ પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ તેમજ મનમોહન પાર્શ્વનાથજીની મૂર્તિ પણ બે ત્રણ મંદિરોમાં છે. કમ્બોઇ પાર્શ્વનાથજીની મૂર્તિ કમ્બોઇ તીર્થમાં બિરાજમાન કરેલ શ્રી કમ્બોઇ મનમોહન પાર્શ્વનાથજીનું સ્મરણ આપે છે. ખાસ દર્શન કરવા લાયક છે.

૩ જૈનધર્મમાં ભગવાન મહાવીર દેવના નિર્વાણ પછી એવા પ્રતાપી રાજપ્રતિબોધક મહાન આચાર્યો પાંચથી જ્ઞાત થયા છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈગ્યાર લાખ હયવરનું સૈન, ગલીઉં નીર પીઈ તે જૈન;
હેમાચાર્યથી સમકિત લહી, જીનમંડિત ભૂ કીધી સહી.
જીનહરબિંબ અનિ શત્રુકાર, ઉપાસરા નિ જીર્ણઉદ્ધાર;
રાજઋષીની ઉપમા ધરી, ગણધર પદવી તિણિં વરી.
આજ અનોપમ કીર્તિ જાસ, ઉત્તમ પુરૂષ લીલવિલાસ;
તીરથ યાત્રામાં સમકિત ધરી, અવિચલ કરણી રંગી કરી."

પાટણનો ગૌરવવન્તો ભૂતકાલીન ઇતિહાસ ભારતીય ઈતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાય તેવો છે. અવકાશ મલશે તો મારી ઇચ્છા પાટણ, પાલણપુર અને ભૃગુકચ્છનો સ્વતંત્ર ઇતિહાસ લખવાની છે.

હું અહીં આ લેખમાળા સમાપ્ત કરું છું, પરન્તુ આ સાથે પાદવિહારી સાધુ મહાત્માઓને જરૂર થોડી વિનંતી કરી લઉં કે-આપના વિહાર દરમ્યાન જે જે પ્રાચીન તીર્થસ્થાનો કે પ્રાચીન મંદિરો અને પ્રાચીન ગામો આવે તેના લેખો અને ઇતિહાસ મલે તેને મોકલી ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવે તો ઘણું ઘણું નવું જાણવાનું-અનુભવવાનું મલશે. માટે આ તરફ પણ થોડો સમય આપવાની જરૂર છે.

પાટણથી અમે ચાણસ્મા થઈ કંબોઇ તીર્થની પ્રતિષ્ઠા કરાવવા કંબોઈ ગયા. આ ગામોનો ઇતિહાસ મેં પૂર્વે આપેલો છે એટલે તે સંબંધી વધુ નથી લખ્યું. ફક્ત સેંધા ગામનો પરિચય આપી આ લેખ સમાપ્ત કરીશ.

## સેંધા

ચાણસ્માથી ૪-૪॥ માઈલ દૂર સેંધા ગામ આવેલું છે.અહીં સં.૨૦૦૨ના ચાતુર્માસમાં ગામ બહાર એક પાણીના ધરા પાસેથી સુંદર જિનપ્રતિમાજી નીકળ્યાં છે. વાત એમ બની કે ત્યાંના પટેલની છોડી બીજી છોડીઓ સાથે રમતી હતી. એમાં એને થોડે ઊંચેથી કૂદકો મારતાં કંઈક વાગ્યું. હાથથી થોડું ખોદતાં ગોઠણનો ભાગ હાથ આવ્યો. એને લાગ્યું કે રમવાની પાંચશેરી નીકળી. એણે બીજી છોકરીઓને કહ્યું પણ ખરું કે આ પાંચશેરી મને જડી છે તે મારી છે, પરન્તુ વધુ ખોદતાં આખી મૂર્તિ દેખાણી. આજુબાજુના પટેલ-ઠાકરડા-રબારી બધા ભેગા થયા. તેમણે આપસમાં નક્કી કર્યું કે આ તો

૧—સમ્રાટ સંપ્રતિના પ્રતિબોધક ધર્મગુરુ આર્ય સુહસ્તિસૂરિ.

૨—સમ્રાટ વિક્રમાદિત્ય પ્રતિબોધક મહાન્ જૈનાચાર્ય શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ.

૩—ગુર્જરેશ્વર રાજાધિરાજ પરમાર્હતોપાસક રાજર્ષિ કુમારપાલ તેમના પ્રતિબોધક કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી.

૪—મુગલકુલતિલક સમ્રાટ અકબર પ્રતિબોધક જગદ્દગુરૂ શ્રી હીરવિજયસૂરીશ્વરજી.

એમાં અકબર સિવાયના ત્રણે રાજાઓએ તો જૈનધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કરી જૈનધર્મ પાળ્યો છે.

આવા બીજા પણ સમર્થ સૂરિપુંગવોનાં નામો મળે છે. શ્રી રત્નપ્રભસૂરિજીના ઉપદેશથી રાજા ઉપલદેવે જૈનધર્મ પાળી જૈનધર્મની પ્રભાવના કરી છે. આચાર્ય શ્રી બપ્પભટ્ટીસૂરીશ્વરજીના ઉપદેશથી આમ રાજાએ જૈનધર્મ સ્વીકારી જૈન શાસનની પ્રભાવના કરી છે. તેમજ સામાન્ય રાજા મહારાજાઓને પ્રતિબોધી અહિંસા ધર્મ પળાવનાર તો ઘણાયે જૈન સાધુસંતો, આચાર્યપુંગવો થયા છે જેની નોંધ હું જુદી જ આપવા ધારું છું.

For Private And Personal Use Only

વાણીયાના ભગવાન છે. પછી મૂર્તિને સીધી કરી. મૂર્તિ ઉપાડવા માંડી પણ ન ઊપડી. પછી પેલી છોડીએ આવી કહ્યું: ભગવાન, ઊઠોને, કેમ બેસી રહ્યા છો? અહીં ક્યાંસુધી બેસી રહેશો? એની આ કાલી કાલી મધુર ભાષા પછી મૂર્તિને ઉપાડતાં જલદી જ ત્યાંથી મૂર્તિ ઊઠી. ગાડીમાં પધરાવી વાજે ગાજેથી ગામમાં લાવ્યા અને સાફ જમીનમાં પધરાવ્યા. બીજે દિવસે ચાણસ્મા અને આજુબાજુનાં ગામોમાં ખબર પહોંચ્યા. જૈનો આવ્યા, મૂર્તિને પોતાને ગામ લઈ જવાની માગણી કરી. પરંતુ સેંધાના ગરીબ પણ ભાવિક ઠાકરડા અને રબારીઓએ ના પાડી કે અમે તેમ થાવ, મૂર્તિ બીજે ગામ નહિ જ જાય. અમારું માથું જાય પણ ભગવાનને નહિ જવા દઈએ. પછી ત્યાંની બને કોમોએ ભેગા થઈ ઠરાવ કર્યો છે કે આ ભગવાનની મૂર્તિ જ્યાંસુધી આપણા ગામમાં છે ત્યાંસુધી કોઈએ શિકાર કરવો નહિ, મદિરાપાન કરવું નહિ, કોઈ જીવને મારવો નહિ, માંસ વગેરે ખાવાં નહિ. આ ઠરાવ વિરુદ્ધ કોઈ પણ વર્તે તો ભગવાનના ઘરનો ગુન્હેગાર. આ ઠરાવનો જો ભંગ થાય તો મૂર્તિ ભલે બીજે ગામ જાય. અત્યારે એક પતરાના મકાનમાં ઊંચી ગાદી ઉપર ભગવાન વિરાજમાન કર્યા છે. અમે દર્શને ગયા ત્યારે ગામવાળાએ કહ્યું અમને તો કોઈને ઘેર ગમતું જ નથી. સમય મળે કે અહીં જ આવીએ છીએ. મૂર્તિ નીકળ્યા પછી આજુબાજુનાં ગામડાઓમાંથી કોળી, ઠાકરડા, રબારી, હરિજનો વગેરે ઢોલ વગાડતાં વગાડતાં આવી ગયા, ભગવાન બાપજીને નમી ગયા. ભગવાનની મૂર્તિ બે ત્રણ ઠેકાણેથી ખંડિત છે, અને બે ત્રણ ઠેકાણે મૂર્તિ કાઢતા કોશ વગેરેનો ઉપયોગ કરતાં થયેલા તાજા ઘા જોઈ મેં પૂછ્યું આ કેમ આમ છે? પૂજારી કહે કે એ મૂર્તિ ખોદી કાઢતાં ઘા વાગી ગયા છે તેના લીસરકા છે. મે કહ્યું, ના ના, કોઈક બીજો આવું કરી ગયો હશે. ત્યાં તો એક ઠાકરડો બોલ્યો, મહારાજ અમારા ભગવાનને કોઈ બીજો મારવા આવે તો ખરો? અહીંથી બીજે તો કોઈ જીવતોયે ન જાય. ગામવાળાને અત્યારે પ્રભુ મૂર્તિ ઉપર બહુ જ શ્રદ્ધા-પ્રેમ અને ભક્તિ છે. ગાયકવાડ સરકાર તરફથી તો હુકમ થઈ ગયો છે કે મૂર્તિ જૈનોને સોંપી દેવી. જૈનો લઈ શકે છે; કાયદો-પોલીસ એની મદદે છે. માત્ર જૈનો ગામવાળાની લાગણી ન દુભાય તેવી રીતે સમજાવટથી મૂર્તિ લઈ જવા ધારે છે.

મૂર્તિ સફેદ દૂધ જેવી પ્રાચીન અને ભવ્ય છે. મૂર્તિ ઉપર લેખ નથી. નીચે વેલ કોતરેલી છે. ખાસ કાન, સ્હેજ નાક, હાથ વગેરે ખંડિત છે. મૂર્તિ બાવીશમા તીર્થંકર બાલબ્રહ્મચારી યદુકુલતિલક શ્રી નેમિનાથજીની છે. લગભગ શંખેશ્વરજીની શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીની મૂર્તિ જેવડી ભવ્ય અને મનોહર છે. ગામવાળા જ્યાંસુધી પોતાના ઠરાવ ઉપર મક્કમ અને દૃઢ છે, અહિંસાનું અને મદિરાત્યાગનું પૂર્ણ પાલન કરશે ત્યાંસુધી તો મૂર્તિ અહીં છે જ. અહીંથી દર્શન કરી પાછા ચાણસ્મા આવવું પડે છે. કમ્બોઈથી પણ સેંધા દર્શને જવાય છે. સેંધામાં જ એક ઠેકાણે પાર્શ્વનાથ ભગવાનની ફણા પણ છે. બીજા દેવ-દેવીઓ પરિકરના કાઉસગ્ગીયા વગેરે જમીનમાંથી નીકળેલા છે. આ મૂર્તિઓ પ્રાયઃ અહીં રૂપપર મોટું છે, ત્યાંની હોય એમ લાગે છે. મુસલમાની યુગમાં આસમાની સુલતાનીના સમયે ભંડારી દીધી હશે, તે અત્યારે પ્રગટ થઈ હોય તેમ સંભવે છે. મૂર્તિ પરમ દર્શનીય છે. આ ચમત્કારી મૂર્તિનાં દર્શન સાથે જ વાચકો પણ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્ર પ્રાપ્ત કરે એ શુભેચ્છાપૂર્વક આ લેખમાળા પૂર્ણ કરું છું. —સમ્પૂર્ણ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર-પ્રબોધ

**પ્રયોજક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી**
**( ક્રમાંક ૧૪૪ થી ચાલુ )**

**૩૫. પ્રશ્ન**—કૃષ્ણલેશ્યાવાળા જીવોનું લક્ષણ (સ્વરૂપ) શું ?

**ઉત્તર**—સ્વભાવાદિમાં કર્કશતા, કઠોરપણું, ક્રોધ, અપશબ્દ બોલવા, વૈર, દયારહિતપણું, અભિમાન, બીજાને હણવા પણ તૈયાર થવું, ખરાબ આચાર (કાયિક વ્યાપાર) વગેરે લક્ષણોથી જાણવું કે આ જીવ કૃષ્ણલેશ્યાના પરિણામવાળો છે. એમ કર્મગ્રંથટીકા, સંવેગ માલાદિમાં જણાવ્યું છે. ૩૫

**૩૬. પ્રશ્ન**—નીલલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

**ઉત્તર**—માયા-દંભ કરવામાં ચાલાકી, લાંચ ખાવામાં હુંશિયારી, અસત્ય (જૂઠું) બોલવું, વિષયાદિમાં આસક્તિ, મનની અસ્થિરતા, આળસ, કાયરપણું, અભિમાન વગેરે લક્ષણોથી નીલલેશ્યાવાળા જીવો પારખી શકાય છે. અને પોતાની ચાલુ લેશ્યાનો પણ નિર્ણય કરી શકાય છે, એમ કર્મગ્રંથ ટીકાદિમાં જણાવ્યું છે. ૩૬

**૩૭. પ્રશ્ન**—કાપોતલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

**ઉત્તર**—આરંભમાં આસક્તિ, પાપકર્મને બંધાવનારા કાર્યોને સારાં ગણવું, નફા-તોટાનો વિચાર નહિ કરવો, ક્રોધ, શોક, પરની નિંદા કરવી, પોતાની બડાઈ મારવી, લડવામાં સામા માણસને ત્રાસ ઉપજાવવો, ખેદ, વગેરે લક્ષણોથી કાપોતલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૭

**૩૮. પ્રશ્ન**—તેજોલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

**ઉત્તર**—દક્ષપણું, સંવર ભાવના, કરુણા, સરલતા, દાન, શીલ, સંતોષ, વિદ્યા, ધર્મ-રુચિ, વિવેક, ક્ષમા, પાપનાં કારણોનો પરિહાર વગેરે લક્ષણોથી તેજોલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૮

**૩૯. પ્રશ્ન**—પદ્મલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

**ઉત્તર**—ધર્મમાં તથા સંકટના સમયે ધૈર્ય રાખવું, સ્થિરતા, દયા, પ્રભુપૂજા, દાન, વ્રતનું ધારણ કરવું, આનંદી-પ્રસન્ન સ્વભાવ તથા ચહેરો, પોતાનું અને પરનું ભલું કરવાની ભાવના, ક્ષમા, નમ્રતા વગેરે લક્ષણોથી પદ્મલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૩૯

**૪૦. પ્રશ્ન**—શુક્લલેશ્યાવાળા જીવોનું લક્ષણ શું ?

**ઉત્તર**—તીવ્ર ધર્મબુદ્ધિ, અપક્ષપાત, પાપકર્મનો પરિહાર, શોક નિંદાનો ત્યાગ, રાગદ્વેષનો ત્યાગ, પરમાત્મદશાની સંપ્રાપ્તિ ( લાભ ) વગેરે લક્ષણોથી શુક્લલેશ્યાવાળા જીવો જાણી શકાય છે. ૪૦

**૪૧. પ્રશ્ન**—કૃષ્ણલેશ્યા વગેરે છયે લેશ્યાનું ફલ શું ?

**ઉત્તર**—કૃષ્ણલેશ્યાનું ફલ નારકપણું, નીલલેશ્યાનું ફલ સ્થાવરપણું, કાપોતલેશ્યાનું ફલ તિર્યંચપણું, તેજોલેશ્યાનું ફલ મનુષ્યપણું, પદ્મલેશ્યાનું ફલ દેવપણું અને શુક્લ લેશ્યાનું ફલ મોક્ષ જાણવું. અહીં પરિણામિ જીવને જ પરિણામ વિશેષરૂપ લેશ્યા હોય, તેથી જે લેશ્યાનાં લક્ષણો જણાવ્યાં, તે સર્વ લક્ષણો અભેદનયની વિવક્ષાએ લેશ્યાવંત જીવોના સમજવા. ૪૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૨. **પ્રશ્ન**—શ્રી. જૈનેન્દ્રાગમોના અનુભવથી પ્રસિદ્ધ જ છે કે (૧) જેવી મતિ હોય, તેવી જ ગતિ થાય, ને (૨) જેવી ગતિમાં જવાનું હોય, તેવી જ મતિ થાય. આ બે વાક્યોનું યથાર્થ રહસ્ય શું સમજવું?

**ઉત્તર**—આયુષ્યના બંધકાલની અપેક્ષાએ પહેલું વાક્ય ઘટાવવું અને પરભવ જવાની નજીકના કાલની અપેક્ષાએ બીજું વાક્ય ઘટાવવું, એટલે આગામિ ભવનું આયુષ્ય બાંધવાના સમયે જેવી મતિ હોય, તેવી જ ગતિ થાય. આ રીતે કહેવાનું તાત્પર્ય એ છે કે—આગામિભવનું આયુષ્ય બાંધવાના ટાઇમે જેવી મતિ એટલે ભાવના વર્તતી હોય, તેવા આયુષ્યનો બંધ થાય-ઘણું કરીને આવો પ્રસંગ ઘણાં જીવોને પર્વતિથિમાં બને છે. માટે જ શ્રી. મહાનિશીથાદિ શાસ્ત્રોમાં પરમ ઉલ્લાસથી નિયાણાની ભાવનાનો ત્યાગ કરીને વિધિપૂર્વક પર્વતિથિઓની આરાધના કરવાનું કહ્યું છે-તે વખતે આત્મા જો સારી ભાવનાઓ ભાવતો હોય, ને સારી રીતે ધર્મારાધન કર્યું હોય, તો શુભ ગતિનું આયુષ્ય બાંધે છે; ને તેથી ઉલટી યોગ પ્રવૃત્તિ કરતો હોય, તો અશુભ ગતિનું આયુષ્ય બાંધે છે. આને અંગે શ્રી. મહાવીરચરિત્ર આદિમાં જણાવ્યું છે કે, નયસાર વગેરે ઘણાં જીવોએ સુપાત્ર દાન વગેરે કારણે શુભ આયુષ્ય બાંધ્યું ને ગર્ભિણી હરિણીને હણતાં મલિન ભાવનાદિ કારણે શ્રેણિક રાજા વગેરે જીવોએ નરકાયુષ્યાદિ અશુભ આયુષ્ય બાંધ્યું હતું. તે પ્રમાણે કૃષ્ણવાસુદેવે પણ ૩૬૦ યુદ્ધ કરવાનો પ્રસંગ, મહારંભાદિ કારણે નરકાયુષ્ય બાંધ્યું હતું. આ રીતે 'મતિ તેવી ગતિ' આ વાક્યનું રહસ્ય જણાવી હવે 'ગતિ તેવી મતિ' આ વાક્યનું રહસ્ય જણાવું છું તે આ પ્રમાણે. જ્યારે મરણની નજીકનો સમય હોય, એટલે પરભવમાં જવાનો થોડો ટાઇમ બાકી હોય, ત્યારે જે ગતિમાં જવાનું હોય, તેવાં ચિહ્નો જણાય છે. એટલે જેઓ શુભ ગતિમાં જવાના હોય તેમની ભાવના, ભાષા ને પ્રવૃત્તિ સારી જણાય. અહીં દૃષ્ટાંત તરીકે-મુક્તિમાં જનારા જીવો, સર્વાર્થ સિદ્ધ વિમાનના જીવો, ધન્ય કુમાર, શાલીભદ્ર વગેરે જાણવા. ને જે જીવો અશુભ ગતિમાં જવાના હોય, તેમની ભાવના વગેરે અશુભ જણાય. અહીં દૃષ્ટાંત તરીકે કૃષ્ણ વાસુદેવને લઇ શકાય. તેમને નરકમાં જવાના નજીકના સમયે જરાસંધને મારવાની ભાવના વગેરે ચિહ્નો પ્રગટ થયાં હતાં. વિશેષ બીના શ્રી. સંવેગમાલા વગેરેમાંથી જાણવી. ૪૨

૪૩. **પ્રશ્ન**—આત્મતત્ત્વનું સ્વરૂપ શું?

**ઉત્તર**—જે કર્મનો કર્તા, અને તેના ફલને ભોગવે, બાંધેલા કર્મના ઉદયાનુસારે જુદી જુદી ગતિમાં ફરે, ને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની નિર્મલ સાધના કરી મોક્ષમાં જાય તે આત્મા કહેવાય. અથવા જ્ઞાનાદિ પર્યાયોને '**अतति=प्राप्नोतीति आत्मा**' પામે, તે આત્મા કહેવાય છે. કહ્યું છે કે:—

यः कर्त्ता कर्मभेदानां, भोक्ता कर्मफलस्य च ॥
संसर्त्ता परिनिर्यात्ता, स ह्यात्मा नान्यलक्षणः ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યાસ્તિક નયના વિચારે આત્મા નિત્ય છે. પર્યાયાસ્તિક નયના વિચારે આત્મા અનિત્ય છે. આ રીતે સ્યાદ્વાદ શૈલીએ આત્મા નિત્ય પણ કહેવાય, ને અનિત્ય પણ કહેવાય. એમ માનીએ તો જ જાતિસ્મરણાદિ ઘટી શકે. ધર્માસ્તિકાયાદિ ત્રણ અરૂપિ પદાર્થોના જેટલા પ્રદેશો છે, તેટલા જ પ્રદેશો આત્માના કહ્યા છે. તે સર્વ પ્રદેશો કર્માનુસારે પ્રાપ્ત થયેલા નાના કે મોટા શરીરમાં ફેલાઇને રહે છે. માંહો માંહે તેઓ સાંકળની કડીઓની માફક કાયમ સંબદ્ધ જ (જોડાયેલા જ) રહે છે. કોઇ પણ કાળે આત્માનો એકાદે પ્રદેશ છૂટો પડયો નથી, પડતો નથી, ને પડશે પણ નહિ. માટે જ જેમ પુદ્ગલોના પરમાણુ જણાવ્યા તેમ આત્માના પરમાણુ જણાવ્યા નથી, તે વાજબી જ છે. કારણ કે પુદ્ગલ સ્કંધમાંથી પરમાણુ છૂટો પડે, પણ આત્મપ્રદેશ છૂટો ન પડે. બારીના બારણાની તડમાં ગરોળીની પૂછડી ભરાતાં કપાઇને પછી જડ બની જાય છે. તેમાં હકીકત એ બને છે કે, આપણને સામાન્યથી જોતાં તો એમ લાગે છે કે, પૂંછડીનો આત્મા જુદો, ને બાકીના શરીરમાં રહેલો આત્મા જુદો છે. પણ ખરી રીતે તેમ જુદો જુદો આત્મા છે જ નહિ. શરીરના બંને વિભાગમાંના આત્મપ્રદેશો સંબદ્ધ છતાં અરૂપી હોવાથી આપણે જોઈ જ શકતા નથી. પૂંછડી સિવાયના શરીરમાં રહેલા આત્મા જ્યાં સુધી પૂછડીમાં રહેલા આત્મપ્રદેશોને સંપૂર્ણ ખેંચી ન રહે, ત્યાંસુધી પૂંછડી તરફડે છે. તે બધા આત્મપ્રદેશો ખેંચાઈ ગયા પછી તે જડ બની જાય છે. વસ્તુસ્થિતિ આવી હોવાથી આત્માના ૧ સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ આ ત્રણ ભેદો શ્રી. જૈનેન્દ્રાગમોમાં જણાવ્યા છે. આત્મપ્રદેશો નાના શરીરમાં સંકોચાઇને ને મોટા શરીરમાં ફેલાઇને રહે છે; એમ શ્રી. તત્ત્વાર્થસૂત્રના "संकोचविकासधर्मत्वादात्मप्रदेशानामिति" આ વચનથી જાણી શકાય છે. એટલે આત્મપ્રદેશોના સંકોચ પણ થઇ શકે, ને વિકાસ પણ થઇ શકે છે. આથી નાના શરીરમાં ઓછા આત્મપ્રદેશો અને મોટા શરીરમાં વધારે આત્મપ્રદેશો માનવા, એ તદ્દન ગેરવાજબી છે. પ્રદેશસંખ્યાની અપેક્ષાએ કીડા વગેરેનો આત્મા ને હાથી વગેરેનો આત્મા સરખો જ છે. જેમ ચૂલા ઉપર ઉકળતા પાણીમાં નીચેનું પાણી ઉપર આવે ને ઉપરનું પાણી નીચે જાય, તેમ પગ વગેરે વિભાગમાં રહેલા આત્મપ્રદેશો ઉપર મસ્તક સુધી પણ જાય, ને ત્યાંના આત્મપ્રદેશો નીચે પગના તળિયા સુધી પણ જાય છે. આવા જ સ્વરૂપવાળો આત્મા અનાદિ છે, એટલે તેને કોઇએ બનાવ્યો નથી. જેમ ઘાટ વગેરેનો કર્તા કુંભાર વગેરે હોય છે, તેમ આત્માના કર્તા કોઇ નથી, પણ તે આત્મા વિવિધ કર્મો વગેરેનો કર્તા છે એટલે કર્મોને બાંધે છે. જ્યાં સુધી યોગક્રિયા ચાલુ છે ત્યાં સુધી કર્મબંધ જરૂર થાય જ. આવાં અનેક કારણોને લક્ષમાં લઇને શ્રી. સિદ્ધસેન દિવાકરજીએ શ્રી. ભગવતીસૂત્રના 'जावंणं एस जीवे एयइ' ઇત્યાદિ વચનને અનુસાર જણાવ્યું છે કેઃ— 'जोगनिमित्तं कम्मं बंधइ' ઇત્યાદિ. વિશેષ બીના શ્રી. વિશેષાવશ્યકાદિ તથા સમ્મતિ ટીકાદિથી જાણવી. આ પ્રસંગે જરૂર આ બીના યાદ રાખવી કે, એક ચાર્વાક સિવાય બધા દર્શનકારો જુદા જુદા સ્વરૂપે આત્માને માને જ છે. તેમાં સ્યાદ્વાદ દર્શનના ઉપાસકોની સર્વજ્ઞ વચનાનુસારે એવી માન્યતા છે કે, અનાદિ આત્માને કર્માનુસારે જુદી જુદી ગતિમાં ભમવારૂપ સંસાર અનાદિ કાલથી જ ચાલુ છે. આ સંસારનું સ્વરૂપ જણાવ્યું છે કે, તે દુઃખરૂપ છે, અને હાલ દુઃખ રૂપ જ ફલને દેનાર છે, ને ભવિષ્યમાં પણ દુઃખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર દુઃખ આપનાર તે સંસાર છે. કહ્યુ છે કે:—" इह खलु अणाई जीवे, अणाई जीवस्स भवे, अणाइ कम्मसंजोगनिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले दुक्खाणुबंधे " ઇત્યાદિ દરેક સંસારી આત્માને અનાદિ કર્મના સંબંધને લઇને જુદી જુદી સ્થિતિનો અનુભવ કરવો પડે છે. આ જ કારણથી આત્માનું ને કર્મનું સ્વરૂપ જરૂર સમજવું જોઇએ, જેથી વસ્તુની ઓળખાણ થાય, તે લક્ષણ કહેવાય. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, વીર્ય, ઉપયોગ વગેરે ધર્મોદ્વારા આત્માની પિછાણ થાય છે, માટે તે તેનું લક્ષણ કહેવાય. આગમ પ્રમાણથી આત્મસત્તાનો વિચાર કરતાં જેમ શ્રી સમવાયાંગ વગેરે પવિત્ર આગમોમાં "एगे आया" વગેરે ઘણાં પાઠો મળી શકે છે, તેવી રીતે અન્ય દર્શનિયો પણ "स वै आत्मा ज्ञानमय" ઇત્યાદિ વચનથી આત્માને માને જ છે. જૈનદર્શન પ્રત્યક્ષપ્રમાણથી આ રીતે આત્માને સાબીત કરે છે—સર્વ જીવોને ઓછા વધતા પ્રમાણમાં જ્ઞાન ગુણ પ્રત્યક્ષપણે અનુભવાય છે. આ બાબતમાં અવગ્રહાદિ ભેદોનો અનુભવ સાક્ષી પૂરે છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. તેનો આધાર જે હોય, તે જ આત્મા છે. કારણ કે જેવો ગુણ હોય તેવો જ ગુણી હોવો જોઇએ એવો નિયમ છે, માટે જ્ઞાન એ આત્માનો જ ગુણ માનવો જોઇએ. તેમ છતાં અન્ય દર્શનીઓમાંના કેટલાએક વિદ્વાનો એમ માને છે કે, પંચ ભૂતમાંથી જ્ઞાન પ્રકટ થાય છે. માટે પંચ ભૂતોનો ગુણ જ્ઞાન છે, પણ તે આત્માનો ગુણ નથી. તેઓની આ માન્યતા વાજબી નથી. કારણ કે જેમ પૃથ્વીમાં (માટીમાં) કઠીનપણું સર્વ સ્થળે સર્વ સમયે જણાય છે, તેમ જો જ્ઞાન પંચ ભૂતનો ગુણ હોય તો તે જ્ઞાન સર્વ સ્થળે સર્વ સમયે પંચ ભૂતમાં કેમ જણાતું નથી. અને ઢેફું અને મૃતક આદિમાં જ્ઞાનનો અભાવ ન હોવો જોઇએ. હવે કદાચ તેઓ એમ કહે કે ઢેફા વગેરેમાં અમે શક્તિરૂપે ચૈતન્ય (જ્ઞાન) માનીએ છીએ તો અહીં જૈનો તેમને પૂછે છે કે તમે શક્તિને ચૈતન્યસ્વરૂપ માનો છો કે તેથી વિલક્ષણ માનો છો ? જો તમે શક્તિને ચૈતન્ય સ્વરૂપ માનશો, તો તે ચૈતન્યસ્વરૂપ શક્તિનો ઉપલંભ (પ્રતીતિ) કેમ ન થાય ? અર્થાત્ ચૈતન્યની પ્રતીતિ ઢેફું વગેરેમાં થવી જોઇએ, પણ થતી નથી માટે શક્તિને ચૈતન્યસ્વરૂપ મનાય જ નહિ અને જો તે શક્તિને ચૈતન્યથી વિલક્ષણ એટલે જુદા સ્વરૂપવાળી માનશો તો તે પણ ગેરવાજબી છે. કારણ કે જેમ ઘટ અને પટ એ પદાર્થ વિલક્ષણ હોવાથી "પટત્વ ધર્મે કરી પટમાં ઘટ છે," એમ કહી શકાય નહિ, તેમ શક્તિ રૂપે ચૈતન્ય ઢેફું વગેરેમાં માનવું એ પણ ગેરવ્યાજબી છે. કારણ કે ઢેફું વગેરે પદાર્થો અને ચૈતન્ય બંને વિલક્ષણ છે માટે જ કહ્યું છે કે —

रूपान्तरेण यदि त—त्तदेवास्तीति मा रटीः ॥
चैतन्यादन्यरूपस्य भावे तद्विद्यते कथं ॥१॥

આ શ્લોકનો અર્થ ઉપર જણાવી દીધો છે. વિશેષ બીના શ્રીમલયગિરિ મહારાજે બનાવેલી શ્રીઆવશ્યકસૂત્રવૃત્તિ વગેરેમાંથી જાણવી. વળી જૈનશાસ્ત્રકાર —તે (ચૈતન્યને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પંચ ભૂતનો ધર્મ માનનાર) વાદીને પૂછે છે કે સમુદિત પાંચે ભૂતોનો ધર્મ છે, એમ માનો છો? આ બાબતમાં ચૈતન્ય એ દરેક ભૂતનો ધર્મ છે એમ તો કહી શકો તેમ નથી. કારણ કે દરેક પૃથ્વી આદિમાં ચૈતન્યનો અનુભવ થતો નથી. કદાચ એમ કહો કે દરેક પરમાણુમાં ચૈતન્યનો અનુભવ થાય છે, તો તેમ પણ ન કહી શકાય; કારણ કે, તેમ માનવાથી ચૈતન્યનો એક સ્વભાવ માની શકાશે નહિ. જેમ હજાર પુરુષોનું ચૈતન્ય જૂદું જૂદું છે, તેમ પરસ્પર જૂદા જૂદા સ્વભાવવાળું ચૈતન્ય માનવાનો અનિષ્ટપ્રસંગ ઉપસ્થિત થશે અને ચૈતન્યનો એકસ્વભાવ તો 'अहं पश्यामि, अहं करोमि ઇત્યાદિ સ્થલે સ્પષ્ટ જણાય છે ને તે સ્વાનુભવ સિદ્ધ પણ છે. માટે સાબિત થયું કે દરેક ભૂતનો ધર્મ ચૈતન્ય મનાય જ નહિ.

હવે સમુદિત (સમુદાય રૂપે રહેલા) પાંચે ભૂતનો ધર્મ ચૈતન્ય છે એમ પણ કહેવું અનુચિત છે, કારણ કે જ્યારે દરેક ભૂતમાં ચૈતન્ય નથી તો પછી ભૂત સમુદાયમાં તો તે કયાંથી જ હોય! અર્થાત્ ન જ હોઈ શકે. અહીં દષ્ટાંત એ કે જેમ રેતીના દરેક કણિયામાંથી તેલ નીકળતું નથી, તો રેતીના સમુદાયમાંથી પણ તેલ ન જ નીકળે એ સમજાય એવી બીના છે. તેવી રીતે દરેક ભૂતમાં હયાતી નહિ ધરાવતું ચૈતન્ય પણ સમુદિત પંચ ભૂતોમાં પણ ન જ માની શકાય. આથી સાબિત થયું કે, ચૈતન્યને પંચભૂતનો ધર્મ, કે દરેક ભૂતનો ધર્મ છે; એમ કહેવાય જ નહિ. કદાચ વાદી જૈન શાસ્ત્રકારને એમ કહે કે "જેમ મહુડાના દરેક અવયવમાં મદશક્તિ જણાતી નથી છતાં વધારે મહુડાનો સમુદાય ભેગો થવાથી મદશક્તિ ઉત્પન્ન થાય છે, તેમ દરેક ભૂતમાં ચૈતન્ય વિદ્યમાન નથી છતાં ભૂત સમુદાયમાં હું ચૈતન્ય માનું છું," વાદીનું આ વચન સાંભળીને જૈન શાસ્ત્રકાર વાદીને કહે છે કે વાદી! તું મહુડાની સાચી બીના જાણતો જ નથી. ખરી હકીકત એ છે કે દરેક મહુડામાં મદશક્તિ અમુકઅંશે (દેશથી) રહેલી જ છે. તે જ મદશક્તિ મહુડાના સમુદાયમાં સર્વાંશે પ્રકટ થાય છે. એવું પંચભૂતમાં થતું જ નથી કારણ કે દરેક પૃથ્વી આદિમાં દેશથી પણ ચૈતન્યની પ્રતીતિ થતી જ નથી, તો પછી ભૂત સમુદાયમાં તો ચૈતન્યની પ્રતીતિ ન જ થાય એ સમજાય તેવી બીના છે. વૃશ્ચિક ન્યાયે પણ પરોપકાર કરવાના પવિત્ર આશયવાળા જૈન શાસ્ત્રકારો વાદીને કહે છે કે હે વાદી! જેવો ધર્મ (ગુણ) હોય, તેવો જ ધર્મી હોવો જોઇએ. અહીં પંચભૂત અને ચૈતન્યની બાબતમાં આ નિયમ લગાર પણ ઘટતો નથી. કારણ કે જ્યારે ચૈતન્ય એ બોધસ્વરૂપ છે, ને અરૂપી છે, ત્યારે પંચભૂત એ જડ અને રૂપી હોવાથી ચૈતન્યથી તદ્દન વિલક્ષણ છે. પંચભૂતનો ધર્મ ચૈતન્ય છે એમ કહી શકાય જ નહીં તથા તે પંચભૂતને ચૈતન્યના કારણ તરીકે માનવા, તે પણ અનુચિત છે. કારણ કે તેમ માનવાથી પ્રાણિમય (તમામ જગત) છે એમ માનવાનો અનિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થશે, જે તમારે ઇષ્ટ નથી જ. આ બાબતમાં પરિણતિ વિશેષનું પણ બહાનું કાઢવું એ પણ અઘટિત છે. વિશેષ બીના આવશ્યકવૃત્તિ વગેરે શાસ્ત્રોથી જાણવી. ૪૩

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય

(લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

જૈન આગમિક સાહિત્યના અભ્યાસીને આ ચાર શબ્દો સુપરિચિત છે, કેમકે સાર્થવાહના પ્રસંગમાં એ આવે છે.

**નાયાધમ્મકહા**ના પહેલા સુયક્ખંધના આઠમા અજ્ઝયણ (સુત્ત ૬૯)માં નિમ્નલિખિત પંક્તિમાં આ ચાર શબ્દોના ગણિમ, ધરિમ, મેજ્જ અને પારિચ્છેજ્જ એ પાઇય રૂપો જોવા મળે છે:—

"सेयं खलु अम्हं गणिमं धरिमं च मेज्जं च पारिच्छेज्जं च भंडगं गहाय"

આમ આ ચાર શબ્દો વિષે 'અંગ'માં ઉલ્લેખ છે એટલે એને શ્રમણ ભગવાન્ **મહાવીરસ્વામી**ના કેવલિ-જીવન જેટલા પ્રાચીન ગણી શકીએ.

જેમ કવલાહારના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ ચાર પ્રકારો છે અને માલ્યવાયના [1]ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ એમ ચાર પ્રકારો છે તેમ જાતજાતની વેચવાની-ખરીદવાની ચીજોના પણ ચાર પ્રકારો છે અને એનો આ લેખના શીર્ષકમાં ઉલ્લેખ કરાયો છે.

**શાબ્દિક નિષ્પત્તિ**—ગણિમ અને ધરિમ શબ્દની નિષ્પત્તિ ખાદિમ, સ્વાદિમ, ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ એ શબ્દોની નિષ્પત્તિને મળતી આવે છે. ગણિમ અને ધરિમ એ શબ્દોમાં મૂળ ધાતુ અનુક્રમે **गण्** અને **धृ** છે. **इम** એ પ્રત્યય લાગતાં આ શબ્દો બને છે.

**અર્થ**—નિસીહ (ઉ. ૧)ની ચુણ્ણિમાં 'ગણિમ'ને અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—
'गणिमं जं दुगाइयाए गणणाए गणिज्जति तत्र हरीतक्यादि"

કહેવાની મતલબ એ છે કે જે બે ઇત્યાદિ ગણતરીએ ગણાય તે 'ગણિમ' છે. જેમકે હરડે વગેરે.

ગણિમાદિનો અર્થ **નાયાધમ્મકહા**ની વૃત્તિ (પત્ર ૧૩૬ અ)માં **અભયદેવસૂરિ**એ નીચે મુજબ સમજાવ્યો છે:

"गणिमं—नालिकेरपूगीफलादि यद् गणितं सत् व्यवहारे प्रविशति; धरिमं—यत् तुलाधृतं सद् व्यवह्रियते; मेयं—यत् सेतिका पल्यादिना मीयते; पारिच्छेद्यं—यद् गुणतः परिच्छेद्यते—परीक्ष्यते वस्त्रमण्यादि"

આનો અર્થ એ છે કે નાળિયેર, સોપારી વગેરે 'ગણિમ' છે. જેનો વ્યવહાર ગણતરી ઉપર અવલંબે છે તે 'ગણિમ' છે. જેનો વ્યવહાર ત્રાજવામાં તોળીને કરાય છે તે 'ધરિમ' છે. જે સેતિકા, પલ્ય વગેરે દ્વારા મપાય છે તે 'મેય' છે. જેની ગુણ દ્વારા પરીક્ષા કરાય છે તે 'પારિચ્છેદ્ય' છે. વસ્ત્ર, મણિ વગેરે પારિચ્છેદ્ય છે.

આ સંબંધમાં **અર્થદીપિકા** (પત્ર ૧૦૦ આ)માં જે નીચે મુજબનું અવતરણ છે તે વિશેષ પ્રકાશ પાડે છે:—

" गणिमं जाईफलफोप्फलाइ धरिमं तु कुंकुमगुडाई ।
मेज्जं चोप्पडलोणाइ रयणवत्थाइ परिछेज्जं ॥ "

---

૧ આ ચાર શબ્દના અર્થ ઇત્યાદિનો વિચાર મેં "ગ્રન્થિમ, વેષ્ટિમ, પૂરિમ અને સંઘાતિમ" એ નામના મારા લેખમાં કર્યો છે. જુઓ **જૈન સત્ય પ્રકાશ** (વ. ૧૨, અં. ૧૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો ભાવાર્થ એ છે કે જાયફળ, ફોફલ (સોપારી) વગેરે 'ગણિમ' છે. કેસર, ગોળ વગેરે 'ધરિમ' છે. ઘી તેલ વગેરે પદાર્થ જેને અહીં ચોપ્પડ કહેલા છે તે અને મીઠું વગેરે 'મેય' છે. રત્ન, વસ્ત્ર વગેરે 'પરિચ્છેદ્ય' છે. અહીં સુરતમાં મીઠું વજન પર અપાય છે એટલે આ શહેરની અપેક્ષાએ એ 'ધરિમ' ગણાય, પણ મુંબઇમાં એ ટીપરી, પાલી એમ માપ પર અપાય છે એટલે એ શહેરની અપેક્ષાએ એ 'મેય' ગણાય. મુંબઈ જેવા શહેરને ઉદ્દેશીને ઉપર્યુકત ગાથામાં મીઠાને 'મેય' ગણ્યું હોવું જોઇએ. સુરતમાં તેલ માપથી અપાય છે અને અન્યત્ર પણ તેમ થતું હશે એમ 'મણનું માપ' એ અર્થ દર્શાવનાર 'મણીકો' શબ્દ ઉપરથી જાણી શકાય છે. આથી ચોપ્પડનો મેય તરીકેનો નિર્દેશ સમુચિત છે. દૂધ પણ મેય છે. એ પણ માપીને અપાય છે.

અણુઓગદ્દારના ૧૯મા સુત્તમાં, 'સત્થવાહ' શબ્દ વપરાયો છે. એને માટે સંસ્કૃતમાં 'સાર્થવાહ'[1] શબ્દ છે. 'સત્થવાહ'નું સ્વરૂપ અણુઓગદ્દાર ચુણ્ણિ (પૃ. ૧૧)માં નીચે મુજબ આલેખાયું છેઃ—

"रायाणुण्णातो चतुव्विहं दविणजायं गणिमधरिममेज्जपारिच्छेज्जं घेत्तुं लाभत्थी विसयंतरगामी सत्थवाहो"

અર્થાત્ રાજાની રજા મેળવી ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય એમ ચાર પ્રકારના દ્રવ્યના સમૂહને લઇને લાભ મેળવવાના ઇરાદે દેશાંતર જનારો તે 'સાર્થવાહ' છે. આ ભાવાર્થ તેમજ એને લગતી વિશેષ હકીકત હરિભદ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૧૬)માં નીચે મુજબનાં બે પદ્યો અવતરણરૂપે રજૂ કરી વ્યકત કર્યો છેઃ—

"गणिमं धरिमं मेज्जं पारिच्छेज्जं व दव्वजायं तु ।
घेत्तूण लाभट्ठी वच्चइ जो अन्नदेसं तु ॥
निवबहुमओ पसिद्धो दीणाणाहाण वच्छलो पंथे ।
सो सत्थवाह नामं धणो व्व लोए समुव्वहति ॥"

આ બે પદ્યો, નહિ જેવા પાઠભેદપૂર્વક મલયગિરિસૂરિએ જીવાજીવાભિગમની વૃત્તિ (પત્ર ૨૮૦અ)માં તેમજ 'મલધારી' હેમચન્દ્રસૂરિએ અણુઓગદ્દારની વૃત્તિ (પત્ર ૨૩આ)માં આપ્યાં છે. એનું તાત્પર્ય એ છે કે ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્યરૂપ દ્રવ્યના સમૂહને લઇને જે લાભાર્થી અન્ય દેશમાં જાય છે અને જે રાજાનો ખૂબ માનીતો છે, જે પ્રસિદ્ધ છે, જે દીન અને અનાથનું માર્ગમાં વત્સલતાપૂર્વક રક્ષણ કરે છે તે [2]ધન્ય સાર્થવાહની જેમ લોકમાં 'સત્થવાહ' એવું નામ ધારણ કરે છે.

ગણિમ ઇત્યાદિ વિષે તેમજ સાર્થવાહને અંગે ઇશારારૂપે આટલું કથન કરી આ લઘુ લેખ પૂર્ણ કરાય છે.

ગોપીપુરા, સુરત, તા. ૧–૬–૪૭

---

૧ સાર્થને–સથવારાને લઈ જાય–દોરે તે 'સાર્થવાહ'. એને ગુજરાતીમાં 'વણજારો' કહે છે.

૨ આનો જે અધિકાર આવસ્સયચુણ્ણિ (પૂર્વભાગ પત્ર ૧૩૧–૧૩૨)માં છે એથી કોઇ વિશેષ પ્રાચીન જાણવાજોવામાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનનો સમન્વયવાદ*

અનુવાદક—**શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ**

ખ્રિસ્તાબ્દ પૂર્વની છઠ્ઠી અને પાંચથી શતાબ્દીમાં બિહારે બે લોકોત્તર વિભૂતિઓને જન્મ આપ્યો, જેમણે વિચાર-સંસારમાં ક્રાંતિ મચાવી દીધી: એક તરફ વૈશાલીના વર્દ્ધમાન મહાવીરે જૈનધર્મની સ્થાપના કરી, અને બીજી તરફ કપિલ વસ્તુના સિદ્ધાર્થ ગૌતમે તે મહાન્ બુદ્ધ ધર્મને જન્મ આપ્યો, જેમનાં કિરણો બિહારના વિહારોથી ફૂટીને વિશ્વ-ભૂમંડલના સુદૂરતમ ક્ષિતિજ સુધી ફેલાઇ ગયાં. જો કે બિહારને આ બંને ધર્મના ઉદ્‌ગમ-સ્થાન થવાનું ગૌરવ પ્રાપ્ત છે, તથાપિ આશ્ચર્ય એ છે કે આજ બંનેય પોતાના ઉદ્‌ગમ સ્થાનથી નિર્વાસિતપ્રાય બની ચૂક્યા છે.

**અવતરણ**—જૈનોની માન્યતા અનુસાર જૈનધર્મ શાશ્વત છે, અને કલ્પ-કલ્પમાં 'તીર્થં-કરો' દ્વારા આનો પ્રચાર અને પ્રસાર થતો રહ્યો છે. વર્તમાન કલ્પમાં પ્રથમ તીર્થંકર હતા ઋષભદેવ. અને ઋષભદેવની પછી ક્રમથી ચોવીસમા તીર્થંકર થયા વર્દ્ધમાન મહાવીર, જેમનો જન્મ વિક્રમની છઠ્ઠી શતાબ્દિ પૂર્વે પટનાથી લગભગ ૨૭ માઇલ ઉત્તરમાં વૈશાલી (વર્તમાન 'બસાઢ'-મુજફ્ફરપુર)ના ક્ષત્રિયકુળમાં થયો હતો. પિતાનું નામ હતું સિદ્ધાર્થ અને માતાનું નામ હતું ત્રિશલા.

ત્રીશ વર્ષની અવસ્થામાં ગૃહસ્થ મહાવીરને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે પછી બાર વર્ષો પછી તેમને કૈવલ્ય (સંબોધિ) ઉપલબ્ધ થયું. તે પછી અને બેંતાલીસ વર્ષો સુધી પ્રચારકાર્ય કરવા પછી ૪૮૦ વિક્રમ પૂ૦માં તેમણે મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

ધ્યાન દેવા લાયક વાત છે કે પાંચમી છઠ્ઠી વિ૦ પૂ૦ શતાબ્દિઓમાં બૌદ્ધ અને જૈન ધર્મોદ્વારા જે મહાન્ ક્રાંતિ થઇ તેના મૂળમાં બે ક્ષત્રિયકુમારો હતા. આ ઘટના બ્રાહ્મણ-પ્રધાન બ્રાહ્મણ ધર્મપ્રતિ તે યુગના વિપ્લવની પ્રતીક છે. બૌદ્ધ અને જૈનધર્મ પૂર્વકાલીન યાગપ્રધાન બ્રાહ્મણ ધર્મની વિરુદ્ધ એક પ્રતિક્રિયા રૂપ હતા. આ પ્રતિક્રિયાનું પૂર્વરૂપ આપણે ઉપનિષદોના સૂક્ષ્મ બ્રહ્મવાદથી જ પ્રાપ્ત કરીએ છીએ.

ઉપનિષદોના અધ્યયનથી એ જ અનુમાન થાય છે કે તે સમયે અધ્યાત્મવિદ્યાના ક્ષેત્રમાં ક્ષત્રિયોની પ્રધાનતા સ્થાપિત થઇ ચૂકી હતી. તેમાં પચીસો એવાં પ્રમાણે મળે છે કે જેનાથી એ સિદ્ધ થાય છે કે 'કાશી' અને 'વિદેહ' અધ્યાત્મવિદ્યાનાં બે પ્રધાન ક્ષેત્રો હતાં, અને આ ક્ષેત્રોના રાજા – 'અજાતશત્રુ અને 'જનક' ઘણા મોટા વિદ્વાન અને વિદ્વાનોના પ્રેમી હતા. તથા એમની રાજસભામાં કુરુ, પંચાલ, મત્સ્ય, અંગ આદિ દેશોના ઉદ્‌ભટ દાર્શનિક એવં તાર્કિક વિદ્વાનો આવતા, શાસ્ત્રાર્થ કરી પોતાની પ્રતિભાનો ચમત્કાર દેખાડીને પુરસ્કાર મેળવતા.

જે પ્રકારે બ્રાહ્મણ-ગ્રન્થીય બ્રાહ્મણ ધર્મ, ઉપનિષદીય બ્રાહ્મણ ધર્મ તથા જૈન બૌદ્ધ ધર્મોના ક્રમિક વિકાસમાં ક્ષત્રિયોની ઉત્તરોત્તર પ્રધાનતાનાં લક્ષણ મળે છે, તે જ પ્રકારે તેમાં આપણે સિદ્ધાન્તોની અધિકાધિક સૂક્ષ્મરૂપતાનો પરિચય મેળવીએ છીએ. બ્રાહ્મણ ગ્રંથોનો તે કર્મ-પ્રધાન સ્થૂલ યાગધર્મ, જે ઉપનિષદોના જ્ઞાનપ્રધાન બ્રહ્મવાદ અને આત્મવાદમાં સૂક્ષ્મ થઇ ચૂક્યો હતો તે બૌદ્ધોના શૂન્યવાદમાં સૂક્ષ્મતાની ચરમ સીમાએ પહોંચી ગયો.

---

* 'જયન્તી-સ્મારક-ગ્રંથ'માં પ્રકાશિત લેખ. હિન્દીમાં મૂળ લેખક-પ્રો. ધર્મેન્દ્ર બ્રહ્મચારી શાસ્ત્રી, એમ. એ. (ત્રિતય); પટના કૉલેજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાર્શનિક વિચારોના આ ક્રમિક ઇતિહાસમાં જૈનધર્મને એક પોતાનું મહત્ત્વ છે, પોતાની એક વિશેષતા છે. જૈન ધર્મે ઉપનિષદીય સત્તાત્મક બ્રહ્મવાદ તથા બૌદ્ધીય અસત્તાત્મક ક્ષણિકવાદ યા શૂન્યવાદની સન્મુખ એક મધ્યમમાર્ગ (Via media) પ્રસ્તુત કરવાની ચેષ્ટા કરી. જૈનધર્મનો આ સમન્વયવાદ કેટલીયે દૃષ્ટિઓથી સ્પષ્ટ કરી શકાય છે.

**[क] અનેકાન્તવાદ** — મહાવીરે જ્યારે પોતાની આન્તર્દષ્ટિઓ દોડાવી, ત્યારે જોયું કે ઉપનિષદો અને બૌદ્ધોના વિચાર પરસ્પર વિરોધી ધ્રુવો પર હતા. ઉપનિષદો **अयमात्मा ब्रह्म** અથવા **सर्वं खल्विदं ब्रह्म** જેવાં મહાવાક્યો દ્વારા એ પ્રમાણિત કરતા હતા કે આખું વિશ્વ બ્રહ્મરૂપમાં 'સત્' છે—તેની સત્તા અસંદિગ્ધ છે. નામરૂપોમાં નાનાત્વ ભલે અસત્ય હોય (**नेह नानास्ति किञ्चन**); કિન્તુ બ્રહ્મની સત્તા નિર્વિવાદ છે. બીજી તરફ બૌદ્ધ દર્શનના ભાવનાચતુષ્ટયે ઘોષિત કરી રાખ્યું હતું કે—

१ सर्वं क्षणिकम् ।
२ सर्वं दुःखम् ।
३ सर्वं स्वलक्षणम् ।
४ सर्वं शून्यम् ।

તાત્પર્ય એ કે સત્તા સત્ય નથી, ક્ષણિકતા જ સત્ય છે. પલ પલ પર પલટાનારાં નામરૂપો, સંસારની પાછળ અથવા આધારભૂત કોઇ પડદાનશીન સત્તાની કલ્પના, બૌદ્ધોની અનુસારે, યુક્તિ સંગત નથી.

એવી વિષમ પરિસ્થિતિમાં જૈનોએ બંનેનું ખંડન પણ કર્યું અને મંડન પણ કર્યું. બૌદ્ધોની વિરુદ્ધ આ પ્રબલ તર્ક રજૂ કરવામાં આવ્યો, કે જો क १, क २, क ३, क ४ ......... ની સંતાન અને એકત્વનાં સાધક क નથી; જો બાલક રામ, યુવાન રામ, અને વૃદ્ધ રામ એક બીજાથી જુદાં છે, તો પછી એક જ મનુષ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં કરાયેલાં એક જ મનુષ્યનાં પાપ – પુણ્યની ક્રમિકતા અને ફેંસલો કેવી રીતે થઇ શકે? क १નાં કર્મોનો ભાગી क ४ કેમ કરીને થઇ શકે? વાસ્તવમાં ક્ષણિકવાદ અને કર્મસિદ્ધાંત બંને મેળવગરનાં બને છે. ન ક્ષણિકવાદનો માનનારો કર્મસિદ્ધાંતને નભાવી શકે તેમ છે અને ન કર્મ સિદ્ધાન્તવાદી ક્ષણિકવાદને નભાવી શકે તેમ છે. મહાસાહસિક[1] બૌદ્ધ ધર્મની આ અસંગતિ અપરિહાર્ય છે.

"दुहुं किमि इक संग होंहि भुआलू ! ॥
हंसबि ठठाइ फुलाइबि गालू !! ॥

ઉપનિષદોએ પણ જે બ્રહ્મની એકાન્ત, અવ્યય સત્યતાનું પ્રતિપાદન કર્યું છે તે અસંગત છે. કેમકે સંસારમાં બધા પદાર્થો ઉત્પન્ન અને વિનષ્ટ થાય છે. ઉત્પત્તિ અને વિનાશનો આજ ક્રમ સનાતન છે. ઉત્પાદ અને વ્યયના આ ધ્રુવ ક્રમનું જ નામ સત્તા છે. કોઇ પણ પદાર્થને આપણે

१ कृतप्रणाशाकृतकर्मभोगभवप्रमोक्षस्मृतिभङ्गदोषान् ।
उपेक्ष्य साक्षात् क्षणभङ्गमिच्छन्नहो महासाहसिकः परोऽसौ ॥
—सर्वदर्शनसंग्रह.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકાન્ત સત્ય (absolute) કહી ન શકીએ. માન્યું કે બ્રહ્મ એકાન્ત સત્ય છે, ઘટ મિથ્યા છે—સત્યાભાસ છે. ઘટ પણ તત્ત્વતઃ બ્રહ્મ જ છે. કિન્તુ જો આ ભાવના તર્કરૂપ (syllogism) માં રાખવામાં આવે તો આમ થશે —

આ ઘટ (તત્ત્વતઃ) બ્રહ્મ છે.

આ ઘટ (આભાસતઃ) બ્રહ્મ નથી.

તેથી આ ઘટ બ્રહ્મ છે અને નથી પણ[2]. પરંતુ એવું વાક્ય વ્યાઘાતનિયમ (Law of Contradiction) ના અનુસારે અસિદ્ધ છે.

'ષડ્દર્શનસમુચ્ચય'[3] ની ટીકામાં એકાંત સત્તા અથવા નિત્યતાનું ખંડન કરતાં મણિભદ્રસૂરિએ લખ્યું છે કેઃ—"કોઇ વસ્તુ એકાંત નિત્ય બની શકતી નથી, કેમકે 'વસ્તુ'નું લક્ષણ છે अर्थक्रियाकारित्व અને क्रियाकारित्व નો અર્થ જ છે ગતિશીલતા અને ક્રમિકતા; પરંતુ જે નિત્ય છે તે શાશ્વત છે, અક્રમ અને એકરૂપ છે. તેથી જો વસ્તુ નિત્ય છે તો તેમાં ક્રમિકતા નથી અને ક્રમિકતા ન હોય તો अर्थक्रियाकारित्व નથી. અને અર્થક્રિયાકારિત્વ નથી તો કોઈ વસ્તુ જ નથી." તાત્પર્ય એ છે કે જે નિત્ય છે તે વસ્તુ નથી અને જે વસ્તુ છે તે નિત્ય નથી.[4] તે જ પ્રકારે સામાન્ય અને વિશેષમાં પણ વ્યાઘાત છે. ભલા, કોઇ પણ ગોત્વવિરહિત ગોવ્યક્તિ અથવા ગોવ્યક્તિવિચ્છિન્ન ગોત્વનું ઉપપાદન કરી શકે છે? કદી નહીં. દરેક વિશિષ્ટ ગાય પોતાની ગોત્વ જાતિની પ્રતિનિધિ છે. અને દરેક ગોત્વ જાતિની કલ્પના વિશિષ્ટ ગાયથી અનિવાર્યરૂપે સંસ્પૃષ્ટ છે. અતઃ એક માત્ર સામાન્ય યા એક માત્ર વિશેષની ભાવના અંધગજન્યતા છે.[5]

તેથી જૈનોએ કહ્યું કે આ સમસ્યાની સૂઝ ત્યારે જ થશે જ્યારે અમે પ્રત્યેક વસ્તુને "છે" અને "નથી" બંને કોટિઓમાં રાખીએ; એકાન્ત "હા" અથવા એકાંત "ના" ન માનીને પ્રત્યેકને "અનેકાન્ત" રૂપે "હા" અને "ના" બંનેય માનીએ.

---

૨. તુલના કરો—घटोऽस्तीति न वक्तव्यं सन्नेव हि यतो घटः।
नास्तीत्यपि न वक्तव्यं विरोधात् सदसत्त्वयोः॥

૩. રચયિતા–હરિભદ્રસૂરિ અને ટીકાકાર મણિભદ્રસૂરિ.

૪. तथाहि वस्तुनस्तावदर्थक्रियाकारित्वं लक्षणम् तच्च नित्यैकान्ते न घटते। अप्रच्युतानुत्पन्न स्थिरैकेरूपो हि नित्यः।

૫. न हि क्वचित् कदाचित् किञ्चित् सामान्यं विशेष–विनाकृतमनुभूयते, विशेषो वा तद्विनाकृतः। ... ... ... ... केवलं दुर्णयबल-प्रभावितप्रबलमतिव्यामोहादेकमपलप्यान्यतरद् व्यवस्थापयन्ति कुमतयः। सोऽयमन्धगजन्यायः। ... ... ... ... ... ... ...

निर्विशेषं हि सामान्यं भवेत् खरविषाणवत्।
सामान्यरहितत्वेन विशेषास्तद्वदेव हि॥

—षड्दर्शनसमुच्चय અને टीका.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઘટ છે પરંતુ પટ નથી.[૬] અર્થાત્ દષ્ટિભેદથી ઘટ છે પણુ ખરો, અને નથી પણુ[૭] ખરો. એક બીજું નિદર્શન "આંધળાનો હાથી," વાળી કિંવદંતી (જેનું અમે અંધગજીયતા નામ આપ્યું છે, તે) દ્વારા દઈ શકાય છે. એક જ હાથી એક આંધળા માટે સુંઢ ગાજર જેવી, પૂંછડી લાકડી જેવી અને ત્રીજાને માટે કાન પાપડની સમાન લાગે છે.

સાચું પૂછો તો હાથી ગાજર જેવો, લાકડી જેવો, પાપડ જેવો છે ખરો અને નથીયે ખરો. વિશ્લેષણાત્મક દૃષ્ટિએ તો છે, પરંતુ સંશ્લેષણાત્મક દૃષ્ટિએ નથી.

જૈનોએ કહ્યું છે કે વેદાન્તીઓનું 'સત્ય' અને બૌદ્ધોનું 'શૂન્ય' બંનેય અન્ધોનો હાથી છે. જરૂરત છે વ્યાપક અને ઉદાર દૃષ્ટિની—અનેકાન્તવાદની, જેમાં એક નહીં, અનેકાનેક દૃષ્ટિકોણોને અવકાશ છે.

દૃષ્ટિકોણોનું પારિભાષિક નામ જૈનોએ 'નય' દીધું છે અને વેદાન્ત તથા બૌદ્ધને 'નયાભાસ' કહીને તેની ઉપેક્ષા કરી છે. 'નૈગમનય' 'સંગ્રહનય,' 'વ્યવહારનય,' 'પર્યાય નય'[૮] આદિ નામોની કલ્પના કરવામાં આવી અને આને નયાભાસોના ઉપભેદ માનીને તત્કાલીન પ્રચલિત મતમતાન્તરોની અપૂર્ણતા અને એકાંગિતા સિદ્ધ કરવામાં આવી.

[ख] **સ્યાદ્વાદ**—તર્કના ક્ષેત્રમાં વિકસિત આ 'નયવાદ' ને સ્યાદ્વાદનું નામ દેવામાં આવ્યું, કેમકે જ્યારે આપણે કોઈ પણ પદાર્થને નિશ્ચિત રૂપે સત્ય અથવા અસત્ય, 'હા' અથવા 'નહીં' નથી કહી શકતા, તો પછી એક જ ગતિ છે—'શાયદ'–'કદાચિત્' (स्यात्). ઘડો કદાચિત્ છે પણુ અને કદાચિત્ નથી પણુ. 'કદાચિત્ છે પણુ' અને 'કદાચિત્ નથી પણુ'—એ બંને શબ્દો અનિર્વચનીય છે ઇત્યાદિ. તાત્પર્ય એ કે કોઈ પણ પદાર્થના સંબંધમાં ઓછામાં ઓછી સાત પ્રકારની 'ભંગીઓ'થી આપણો વિચાર પ્રગટ કરી શકાય છે.

૧ કદાચિત્ હોય.
૨ કદાચિત્ ન હોય.
૩ કદાચિત્ હોય પણુ અને નયે હોય.
૪ કદાચિત્ અવક્તવ્ય હોય.
૫ કદાચિત્ હોય પણુ, અવક્તવ્ય પણુ હોય.
૬ કદાચિત્ ન પણુ હોય, અવક્તવ્ય પણુ હોય.

---

६. सर्वमास्ते स्वरूपेण पररूपेण नास्ति च ॥

—षड्दर्शनसमुच्चय ॥

७ किं वस्त्वस्तीत्यादि पर्यनुयोगे कथञ्चिदस्तीत्यादिप्रतिवचनसम्भवे ते वादिनः सर्वे निर्विण्णाः ।

— सर्वदर्शनसंग्रह

૮. શું દોઢ હજાર વર્ષો પછી શંકરાચાર્યે પારમાર્થિક, વ્યવહારિક અને પ્રાતિભાસિક સત્તાઓની કલ્પના કરી, ત્યારે તેમની આ કલ્પનામાં આપણે તીર્થંકર મહાવીરનું ઋણ નહિ સ્વીકારીએ ? સંભવ છે કે શંકર વેદાંતે આ ત્રિકોટિક સત્તાની સૂઝ જૈનો પાસેથી જ લીધી હોય.

For Private And Personal Use Only

૭ કદાચિત્ હોય પણ, નયે હોય, અવક્તવ્ય પણ હોય[૯]

[ग] **અજ્ઞાનવાદ**—આ સ્યાદ્વાદનું અનિવાર્ય પરિણામ થયું અજ્ઞાનવાદ (Sceptisim) અજ્ઞાન, ન કે જ્ઞાન, મોક્ષનું સાધન સમજવામાં આવ્યું. અને આ અજ્ઞાનવાદની સપ્તભંગીઓ અને નવ તત્ત્વોની[૧૦] મદદથી ૬૭ અપવાદ માનવામાં આવ્યા. આ સંખ્યાની વ્યાખ્યા આ પ્રકારે થશે--સપ્ત ભંગીઓની દૃષ્ટિથી નવતત્ત્વોમાં પ્રત્યેકના હિસાબથી સાત ભેદ થશે;—ઉદાહરણતઃ જીવના હિસાબથી —

જીવ

| સત્ત્વ | અસત્ત્વ | સદસત્ત્વ | અવાચ્યત્વ | સદ્વાચ્યત્વ | અસદ્વાચ્યત્વ | સદસદ્વાચ્યત્વ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

આ ક્રમથી પ્રકારતઃ નવ તત્ત્વોના હિસાબથી ૯×૭=૬૩ ઉપભેદ થયા. પરંતુ સત્ત્વ, અસત્ત્વ, સદસત્ત્વ, અને અવાચ્યત્વ – આ ચાર દૃષ્ટિઓથી નવ તત્ત્વોની ઉત્પત્તિનો ખ્યાલ કરતાં ચાર વધુ ઉપભેદો થયા. આ પ્રમાણે અજ્ઞાનવાદનાં ૬૩+૪=૬૭ ઉપભેદો થયા.[૧૧]

---

૯. अत्र सर्वत्र सप्तभङ्गिनयाख्यं न्यायमवतारयन्ति जैनाः, स्यादस्ति, स्यान्नास्ति, स्यादस्ति च नास्ति च, स्यादवक्तव्यः, स्यादस्ति चावक्तव्यः, स्यान्नास्ति चावक्तव्यः, स्यादस्ति नास्ति चावक्तव्य इति --सर्वदर्शनसंग्रह

૧૦ પ્રાયઃ જૈનીઓની માન્યતા અનુસાર તત્ત્વોની સંખ્યા નવ છેઃ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ —

जीवाजीवौ तथा पुण्यपापमास्रवसंवरौ ।
बन्धश्च निर्जरा मोक्षः नवतत्त्वानि तन्मते ॥ —षड्दर्शनसमुच्चय

૧૧ Thus we have these seven schools under the first 'principle' and extending the same classification to each of the other eight 'principles' we have nine times seven, i. e., sixty three schools. These refer to the nature of the nine 'principles' severally, but as for their origin in general four other schools are possible, viz., sattva, asattva, sadasattva, and avachyatva--the other three forms of the seven possible variations are not used in this case as they are used only in respect of the several parts of a thing only after its origin has taken place which is not the case here. The last four added to the previous sixty--three give us sixty--seven schools under Ajnanavada.

—School and sects in Jain Literature--Amulyachandra sen, page 36.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરિવર્ણિત 'સ્યાદ્વાદ' અથવા 'અજ્ઞાનવાદ' ની સપાટીમાં પણ જૈનીઓની સમન્વય ભાવના જ કામ કરે છે. 'આ પણ ઠીક' – 'તે પણ ઠીક' એવી મનોવૃત્તિ જૈન દર્શનના પ્રાયઃ પ્રત્યેક અંગમાં પરિલક્ષિત છે. સમન્વયવાદીને અજ્ઞાનવાદી હોવાની પ્રવૃત્તિ પણ સ્વાભાવિક જ છે; કેમકે સમન્વયવાદીનો પોતાનો વિશિષ્ટ સિદ્ધાન્ત પ્રાયઃ નથી હોતો, અને વિશિષ્ટ સિદ્ધાંતના અભાવનું જ તો કટુતર નામ છે 'અજ્ઞાન.' સમન્વયવાદ આરંભમાં રુચિકર ભલે હોય, પરંતુ કાલક્રમથી તેનો હ્રાસ અનિવાર્ય છે. તેમાં તે વ્યકિતત્વ, તે પ્રેરણા (drive) ની કમી–ઓછાશ થયા કરે છે, જે કોઇ પણ સિદ્ધાંતની શક્તિને સંઘર્ષ–પ્રતિસંઘર્ષદ્વારા અક્ષુણ્ણ રાખે. એવી દશામાં જો બૌદ્ધ મતે કાલક્રમથી જૈન મતને હોડમાં હરાવી દીધો તો આશ્ચર્યની કોઈ વાત નથી. જૈનમતની 'ભલમનસાઇ' જ તેમના પરાજયની કારણ બની. આજે જૈન મતાનુયાયીઓ અધિકાધિક લગભગ અગિયાર લાખ જ છે. તે પણ કેવળ ભારતમાં જ અને ભારતમાં પણ શ્વેતાંબર મુખ્યતઃ ગુજરાત તથા પશ્ચિમી રાજસ્થાન તથા દિગંબર મુખ્યતઃ દક્ષિણમાં છે.

[घ] **કર્મસિદ્ધાન્ત**—હિન્દુ, બૌદ્ધ અને જૈન એ ત્રણેના કર્મ સિદ્ધાન્તો લગભગ સમાન જ છે. પ્રત્યેકે કંઇક પારિભાષિક શબ્દોના સમાવેશ દ્વારા વિશિષ્ટરૂપ આપવાની ચેષ્ટા કરી છે. જૈનોની માન્યતા અનુસાર જીવ નિસર્ગતઃ અનન્ત દર્શન, અનન્ત જ્ઞાન, અનન્ત સુખ અને અનન્ત વીર્યનો ભાગી છે; કિન્તુ કર્મના પરમાણુઓ જીવની કષાયી વાસનાઓ સાથે મળીને અને તેની સાથે ચોંટી જઇ, જીવમાં આવી પ્રવેશે છે ( **आस्रवंति** ). આ આવીને પેસવાના કર્મને ( **आ+स्रव** ) આસ્રવ કહે છે. પરંતુ આપણામાં જે સંવર (અર્થાત્ તપ અને સચ્ચરિત્રતા ) છે ( જેની વિસ્તૃત વ્યાખ્યાઓ જૈન મતમાં કરવામાં આવી છે. ) તે આ આસ્રવને ઢાંકી દેવાની ચેષ્ટા કરે છે. ( **संवृणोतीति संवरः** ). પરિણામ થાય છે '**निर्जर**' અર્જિત કર્મોનો ક્ષય અને ફલતઃ મોક્ષ. [१२]

આ કર્મસિદ્ધાંતમાં જૈનોએ જ્ઞાનપર એટલું ધ્યાન નથી આપ્યું જેટલું ચારિત્ર પર –જીવનના વ્યાવહારિક નિયમો પર આપ્યું છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રનું 'રત્નત્રય' મોક્ષનું સાધન બતાવવામાં આવ્યું છે.[१३] આને આપણે જૈનોનો 'વ્યવહારવાદ' (pragmatism) પણ કહી શકીએ. વ્યવહારવાદ અને સમન્વયવાદ પ્રાયઃ સાથોસાથે જ ચાલે છે. સમન્વયવાદીનું એ ધ્યાન હંમેશાં રહેશે કે તે લોકસંગ્રહી બને–લોકવ્યવહારનો વિરોધ તીવરૂપે કરવો તેને નથી રુચતો. જૈનોએ ચારિત્રના જે નિયમો નિર્ધારિત કર્યા છે તેમાં અને પાતંજલ યોગદર્શનનાં સાધનોમાં ક્યાંક ક્યાંક બહુ સમાનતા છે. ઉદાહરણતઃ—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-જે પંચકોટિક 'યમ' યોગદર્શને બતાવ્યા છે, તેને જૈનમતે તેવા જ લઇ લીધા છે. અને તેમાં સમિતિ, ગુપ્તિ, ધર્મ, પરિષહજય, અનુપ્રેક્ષા આદિ અનેકાનેક ચારિત્રનાં અંગો જોડી દીધાં છે. અહિંસાને તો અત્યધિક પ્રધાનતા આપી દેવામાં આવી છે. પશુ–બલિ–પ્રધાન બ્રાહ્મણીય

---

१२. अभिनवकर्माभावान्निर्जराहेतुसान्निध्येनार्जितस्य कर्मणो निरसनादात्यन्तिककर्ममोक्षणं मोक्षः । —सर्वदर्शनसंग्रह

१३. सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः —सर्वदर्शनसंग्रह

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાગવાદથી ઉબકાઈ ગયેલી ભારતીય જનતાને જૈનો અને બૌદ્ધોનો અહિંસા સિદ્ધાંત ખૂબ રુચ્યો.

[ङ] અનીશ્વરવાદ અને તીર્થંકરવાદ—જૈનોના વ્યવહારવાદ (pragmatism) નો પરિચય તેમની દ્વારા સ્વીકૃત પ્રમાણોથી પણ મળે છે. તેઓ મુખ્ય પ્રત્યક્ષ અને ગૌણતઃ અનુમાન–એ જ પ્રમાણો સ્વીકારે છે. પ્રત્યક્ષમાં પણ તેઓ નિર્વિકલ્પ પ્રત્યક્ષને નથી માનતા. આ બધી વાતો એ સિદ્ધ કરે છે કે જૈનોનો–દૃષ્ટિકોણ મુખ્યતઃ વ્યવહારવાદી રહ્યો છે.

ઉપરની પંક્તિઓમાં એ બતાવવામાં આવ્યું છે કે વેદો અને બ્રાહ્મણ ગ્રંથોની સ્થૂળ બહુદેવભાવના ક્રમશઃ ઉપનિષદોના સૂક્ષ્મ બ્રહ્મવાદથી છણાઈને બૌદ્ધોના શૂન્યવાદની તરફ અગ્રેસર બની. ઉપનિષત્કાર અને બૌદ્ધ–જૈન કાળની વચમાં ષડ્ દર્શનોની પણ કલ્પના થઈ ચૂકી હતી. તેમાં સાંખ્યયોગને આપણે અનીશ્વરવાદી કહી શકીએ. સાંખ્ય દર્શનમાં સૃષ્ટિકર્તા–હર્તા ઈશ્વરની આવશ્યકતા નથી અને યોગે પણ સાંખ્યની 'પુરુષ' ભાવનાને અપનાવીને 'પુરુષ વિશેષ'ને જ ઈશ્વરની ઉપાધિ આપી.[૧૪] આ પ્રમાણોથી ક્રમમાં કમ એટલું સિદ્ધ છે કે વૈદિક હિન્દુ દર્શનોમાં પહેલેથી નિરીશ્વરવાદની વિચારધારા પ્રવાહિત થઈ ચૂકી હતી. તેથી એ કહેવું યા સમજવું કે બૌદ્ધો યા જૈનોથી નાસ્તિકતા યા નિરીશ્વરવાદનો પ્રવાહ ચાલ્યો એ ભ્રાન્ત છે. જો જનતામાં નિરીશ્વરવાદની લહેર પહેલેથી જ ન ફેલાઈ હોત તો બૌદ્ધ–જૈન નિરીશ્વર–ભાવનાને પ્રોત્સાહન જ ન નડ્યું હોત.

જૈનોની માન્યતા અનુસાર કર્મસિદ્ધાંત અને પ્રાકૃતિક તથા સદાચાર સંબંધી નિયમોથી જ અતિરિક્ત એક ચેતન પૌરુષેય ઈશ્વરની કલ્પના અનાવશ્યક છે. જો આપ કહો કે પ્રત્યેક કાર્યને માટે એક કારણ છે, તેજ પ્રકારે સૃષ્ટિરૂપી કાર્યને માટે ઈશ્વરરૂપી કારણની આવશ્યકતા છે. તો એનો જવાબ મળશે કે ચેતન જ શા માટે, અચેતન જ કારણ કેમ ન મનાય ? ઠીક, જો ચેતનને કારણ માનવામાં આવે તો પ્રશ્ન થશે કે, તે અશરીર છે કે સશરીર ? જો અશરીરી કારણ કાર્ય કરી શકે છે, તો અશરીરી કુંભકાર ઘટ કેમ નથી બનાવી લેતો ? છતાં આખરે ઈશ્વરે સૃષ્ટિ કેમ રચી ? મનની મોજથી કે કર્મસિદ્ધાંતથી નાસીપાસ થઈને ? જો મનની મોજથી કહેશો તો ઈશ્વરનિરંકુશ થયો જો કાર્ય, કારણ અથવા કર્મ અને તેના ભોગથી નાસીપાસ થઈને કહેશો તો તે પરવશ અને પરતંત્ર થયો. અતઃ ચેતન સૃષ્ટિકર્તા ઈશ્વરની સિદ્ધિ આવશ્યક છે. ઈશ્વર વાદના બધા ઉદ્દેશ્યોની સિદ્ધિ 'અદૃષ્ટ' ( પ્રકૃતિનો જ અટલ નિયમ ) ની કલ્પનાથી જ થઈ શકે છે.

પરંતુ નિરીશ્વરવાદી હોવા છતાં પણ યોગે જે રીતે 'પુરુષ–વિશેષ' ને ઈશ્વરના સ્થાનાપન્ન બનાવ્યો તે જ પ્રકારે જૈનદર્શને પણ પોતાના તીર્થંકરોને ઈશ્વરના સ્થાનાપન્ન બનાવ્યા. ઈશ્વર અથવા અવતારની પ્રતિ હિન્દુઓની જેવી ભાવના છે, જૈનોની પોતાના તીર્થંકરો પ્રતિ પણ તેવી જ ભાવના છે–'જિનેન્દ્ર' યા 'અર્હન્' ને આપણે જૈનોના ઈશ્વર સમજીએ છીએ. કેમકે એમને માટે 'સર્વજ્ઞ', 'દેવ', 'પરમેશ્વર' આદિ વિશે-

૧૪. क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે પ્રયુક્ત કરવામાં આવ્યાં છે.[૧૫] અને તેમની મૂર્તિઓની પૂજા તેવી જ ભક્તિભાવનાથી થાય છે, જેવી હિન્દુ દેવી-દેવતાઓની થાય છે. હિન્દુઓના ચોવીશ અવતારો અને જૈનીઓના ચોવીશ તીર્થંકરોની કલ્પના તથા તેમની સંખ્યાને જોઇને પણ આપણે જૈનીઓની સમન્વયવાદી પ્રવૃત્તિનો પરિચય મેળવી શકીએ છીએ.

[च] ઉપસંહાર—જેને અમે ઉપરની પંક્તિઓમાં સમન્વયવાદ કહ્યો છે, તે મધ્યમ માર્ગનું આશ્રયણ મહાવીરે નિષ્પક્ષ પરીક્ષણના નામે કર્યું હતું. ષડ્દર્શનસમુચ્ચયના આરંભમાં 'અપરદર્શનો'ની તિરસ્કારભરી મનોવૃત્તિની ભર્ત્સના કરતાં કહેવામાં આવ્યું કે બીજાં દર્શનોએ પુરાણ, મનુસ્મૃતિ, વેદ અને ચિકિત્સાશાસ્ત્રને 'આજ્ઞાસિદ્ધ' બતાવતાં તેને તર્કથી પર બતાવવામાં આવેલ છે. [૧૬] પરંતુ જૈનમતાવલંબી એ કહેશે કે તર્કની કસોટી પર કસવાથી ભય ખાવો જાણે એ સિદ્ધ કરી દે છે કે આપનો પક્ષ નિન્દ્ય છે; નહીં તો 'સાચમાં આંચ' શા માટે? ખરેખર સોનાની પરીક્ષામાં ડરવું કેવું? જૈન પરીક્ષણથી અચકાતો નથી. પરીક્ષક પણ નિષ્પક્ષ હોવું જોઇએ. ન તો તેને મહાવીરમાં અનુચિત પક્ષપાત છે અને ન કપિલ આદિમાં અનુચિત દ્વેષ; [૧૭] તેને તો યુક્તિસંગત સિદ્ધાન્તોનું આશ્રયણ કરવું છે. 'સ્યાદ્વાદમંજરી' કારે પણ એ ઘોષિત કર્યું છે કે આર્હત માર્ગ નિષ્પક્ષ છે.[૧૮] નિષ્પક્ષ પરીક્ષણનો આ દૃષ્ટિકોણ કાર્યરૂપમાં તે સમન્વયવાદ યા મધ્યમમાર્ગ (Via media) ના રૂપમાં, પલ્લવિત થયો, જેની રૂપરેખાનું અંકન પ્રસ્તુત નિબંધનો ઉદ્દેશ્ય હતું.×

---

૧૫. તુ૦—षड्दर्शनसमुच्चय—

जिनेन्द्रो देवता तत्र रागद्वेषविवर्जितः ।
कृत्स्नकर्मक्षयं कृत्वा सम्प्राप्तः परमं पदम् ॥

× × ×

सर्वज्ञो जितरागादिदोषस्त्रैलोक्यपूजितः ।
यथास्थितार्थवादी च देवोऽर्हन् परमेश्वरः ॥

—सर्वदर्शनसंग्रह

१६. पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् ।
आज्ञासिद्धानि चत्वारि न हन्तव्यानि हेतुभिः ॥

કિન્તુ જૈન—

अस्ति वक्तव्यता काचित् तेनेय न विचार्यते ।
निर्दोषं काञ्चनं चेत् स्यात् परीक्षाया बिभेति किम् ॥

—षड्दर्शनसमुच्चय

१७. पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

१८. अपक्षपाती समयस्तथार्हतः ॥

× આ લેખમાં કેટલાક વિધાનો નવતર, ખુલાસો કરવા યોગ્ય તેમજ વિચારવા યોગ્ય હોવા છતાં, જૈન દર્શનના સમન્વયવાદ સંબંધી એમાંથી માહિતી જાણવા જેવી લાગવાથી આ લેખ અહીં આપ્યો છે. મૂળ લેખકની સામે 'સર્વદર્શનસંગ્રહ' ગ્રંથ વિશેષ રૂપમાં રહ્યો હશે એમ લેખ જોતાં લાગે છે. આમાંના વિચારણીય વિધાનો સંબંધમાં આપણા વિદ્વાનો પ્રમાણોપેત લખાણ લખી મોકલે એવી અમારી વિનંતિ છે.—તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ ટાઈટલના બીજા પાનાનું અનુસંધાન ]

કાલિઈં જિણુવર હૂઇ અવતાર, કાલિ ચક્રવત્તિ પણુ બાર ।
કાલિઈં ત્રિહું ગાઊ નઉ દેહ, કાલિઈં હાથજિ હુશિ છેહ ॥ ૧૬ ॥
પચ્ચક્ખાણુ શ્રી વીરજિણુ પાસિ, આણુંહિ કીધઉં મન ઉલ્હાસિ ।
અંગ ઉપાસકમાહિ એ ગમ, મુગધદેસ જિહાં વાણિજગામ ॥ ૧૭ ॥
પચ્ચક્ખાણિં જે કહિ પાપ, નરગ તણુઉ છઈ જે નઈં વ્યાપ ।
રાયપસેણિ માહિ એ કર્મ, પરદેસી નઉ પહિલઉ ધર્મ ॥ ૧૮ ॥
એકાંતનુ જે લિઇ પક્ષ, તેહ કહુ કિમ કહીઈ દક્ષ ।
વીયરાય આખ્યા આગાર, યતિ શ્રાવકનઈ તેહ જિ સાર ॥ ૧૯ ॥
દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ ચ્યારિ, દીક્ષા બોલી પંચ પ્રકારિ ।
સમકિતનુ આલાવુ જોઈ, શ્રાવકનઈં અંગિ બોલિઉ સોઇ ॥ ૨૦ ॥
સમવાય પંચે સમકિત ભેદ, એકં અંતિં હુઈ સમકિત છેદ ।
જિનરાઈ બોલિઉં છઇ ઇસિઉં, લુંકુ બોલઇ હિવં તે કિસિઉં ॥ ૨૧ ॥
નયરે પોસહ સાલ જિહતી, થિવરાચારી રહિતા યતી ।
કલ્પવૃત્તિ માહિ બોલિઉં ઇમ, નથિ માનઇ તુ નિન્હવિ સીમ ॥ ૨૨ ॥
છેદગ્રંથમાહિ છિ વિશેષ, તેહનઉ હઈઇ આણે દ્વેષ ।
લાભએહુનુ તૂં પ્રોછેસિ, નહીં તુ અનંતકાલ ભમેસિ ॥ ૨૩ ॥
ચઉવીસી સિદ્ધાંતહ તણી, અક્ષર જોઇ નઇ મઈં ભણી ।
જિનવયણે મન નિશ્ચલ કરુ, ભવસાયર જિમ લીલા તરૂ ॥ ૨૪ ॥

॥ ઇતિ સિદ્ધાન્ત ચઉપઈ સમાપ્ત ॥

॥ સંવત ૧૫૮૫ વર્ષે પોષ સુદિ ૧ શનૌ લિષિતં ॥

આ ચઉપઇ પૂ. મુ. મ. શ્રી. પુણ્યવિજયજી મહારાજના સંગ્રહમાંની એક હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારીને અહીં આપી છે.

## નવી મદદ

૫૦) શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ.
૨૫) પૂ આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજીના સદુપદેશથી લવારની પોળનો જૈન ઉપાશ્રય, અમદાવાદ
૨૫) પૂ આ. મ. શ્રી વિજયકસ્તુરસૂરિજીના ઉપદેશથી લુણાસાવાડા જૈન સંઘ. અમદાવાદ.
૧૫) પૂ આ. મ. વિજયદર્શનસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, લુણાવાડા.
૧૫) પૂ. પં. મ. શ્રી. સંપતવિજયજી ગણિના સદુપદેશથી શ્રી અર્બુદગિરિરાજ જૈન સંઘ, ઇંદોર સિટિ.
૧૧) પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, જોરાવરનગર.
૧૦) પૂ પં. મ. શ્રી. દેવેન્દ્રસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, બોઢાણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 શ્રી જૈન સત્ય પ્રકાશ.

# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંકઃ મૂલ્ય સવા રૂપિયો.

### (૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંકઃ મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દસમા, અગિયારમા તથા બારમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only